॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૦૭ ● જાન્યુઆરી - ૨૦૨૦

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અંક

રૂા. ૫-૦૦/-









॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥ ॥ मानव सेवा प्रभु सेवा ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૨૪, કુલ્લ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૯ ● અંક-૧ ● જાન્યુઆરી - ૨૦૨૦
સળંગ અંક - ૪૦૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું



**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ-ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧

E-mail : sandesh@bhujmandir.org
info@bhujmandir.org
Website : www.swaminarayan.faith


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૦૪ |
| વચનામૃત ઉત્સવ લોગો વિમોચન | ૦૮ |
| મહોત્સવની આમંત્રણ પત્રિકા વિમોચન | ૧૦ |
| મહોત્સવનો વિજય ધ્વજારોહણ | ૧૨ |
| વચનામૃત પાવનકારી પોથીયાત્રા | ૧૮ |
| દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનો પ્રારંભ | ૨૩ |
| ૨૦૦ કિલો સૂકા મેવામાંથી બનાવેલો લાડુ | ૨૬ |
| ત્રિદિવસીય શ્રી હરિયાગ બટુકોને યજ્ઞોપવિત | ૨૮ |
| રક્તદાન | ૩૦ |
| ૫૮ કિલો ચાંદીમાં વચનામૃત | ૩૨ |
| વચનામૃત તથા સંગ્રહ કર્તા સંતોનું વિવધ દ્રવ્યોથી પૂજન | ૩૪ |
| ૨૭૩ ફુટ સુકા મેવાનો હાર | ૩૮ |
| ભૂમિનો દસ્તાવેજ અર્પણ | ૩૯ |
| સ્વાગત સાથે આવકાર | ૪૦ |
| યજમાનશ્રીઓને પહેરામણી | ૪૧ |
| મહોત્સવમા પહેરામણીનું વિમોચન | ૪૬ |
| પુસ્તક વિમોચન | ૪૭ |
| ૧૦ હજાર ભાવિકોએ એક સાથે કરી આરતી | ૪૯ |
| ૫૦૦૦ કિલોથી વધુ ફૂલોનો ઉપયોગ | ૫૨ |
| લાઇટ ડેકોરેશન | ૫૩ |
| ઔષધાલયનું આધુનિકીકરણ | ૫૪ |
| ભગવાનને સોનાનું આભૂસણ અર્પણ કરાયો | ૫૫ |
| સાયકલ યાત્રા | ૫૬ |
| ઠાકોરજીનો પંચામૃતથી મહા અભિષેક કરાયો | ૫૮ |
| મહોત્સવમાં અદ્‌ભુત શોભાયાત્રા | ૬૦ |
| રાત્રી કાર્યક્રમો દ્વારા કલા પ્રદર્શન | ૬૬ |
| ઉત્સવમાં રાસોત્સવે સર્જ્યો ઈતિહાસ – વલ્ડ રેકોર્ડ | ૭૦ |
| વચનામૃત સભામંડપ વ્યવસ્થા | ૭૨ |
| આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ | ૭૪ |
| વચનામૃત મહોત્સવ ઉપક્રમે વિશેષ આયોજનો | ૭૮ |
| ઉત્સવ ઉપક્રમે વૃક્ષારોપણ | ૮૨ |
| વચનામૃત શિબિર | ૮૪ |
| શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ મુખ્ય સમિતિ | ૮૫ |
| ભેડિયાબેટ ખાતે હનુમાનજીનું મંદિર રાષ્ટ્રને અર્પણ | ૮૬ |
| અંજાર – માંડવીમાં વચનામૃત જયંતી | ૯૨ |
| અખબારની આંખે | ૯૩ |
| સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં | ૯૪ |
| નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન | |

# તંત્રીની કલમે

સર્વ હરિભક્તોને ખૂબ જ ભાવપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ

ભુજધામમાં શ્રીવચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. આપ સૌએ તેમજ દેશ-વિદેશના સર્વે હરિભક્તોએ રૂબરૂ તેમજ પ્રસારણ માધ્યમો દ્વારા માણ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પૃથ્વી પરના વિચરણ કાળમાં પણ ઉત્સવો અને સમૈયાઓ કરતા કરાવતા અને હરિભક્તોને આનંદ સાગરમાં હિલોળા લેવડાવતા. સર્વ શાસ્ત્રોના વચનામૃતો વાંચવાના, મનન કરવાના મોટા ભાગના હરિભક્તોએ ઉત્સવ દરમિયાન સારભુત નિયમો લીધા. વચનામૃત શ્રીહરિના શ્રીમુખે કહેવાયેલા છે અને નંદ સંતોએ તેને ગ્રંથસ્થ કરેલા છે. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન આપણે આપણી નરનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ આચાર્યશ્રી તેમજ શ્રી ધર્મકુળના દિવ્ય દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો. ૫૮ કિલો ચાંદીના વચનામૃતના અભિષેક અને દર્શનનો લાભ લીધો. દિવ્યાતિદિવ્ય આનંદ પ્રાપ્ત કર્યો.

વચનામૃતની શ્રીજીની વાણી આપણને સદાય ભગવતસ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવા વિષે, વૈરાગ્યના લક્ષણો તરફ અંગુલી નિર્દેશ, ભગવાનની લીલાના સંભારણા, સત્સંગીને પરસ્પર ઈર્ષ્યા ત્યાગ, ભગવત્કૃપા પ્રાપ્ત કરવા ભગવાનનું અખંડ ધ્યાન ધારવા, પોતાનામાં અવગુણ અને ભક્તમાં ગુણ જોવા, વિવેક, અવિવેકની વાતો, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ સંબંધી જ્ઞાન, સર્વ ક્રિયાઓ ભગવાન અને સંતની સેવામાં પ્રવર્તાવવા, સ્વધર્મના દઢપણા વિષે આપણને સદાય યાદ અપાવે છે, જાગૃત રાખે છે. તદુપરાતં એકાંતિક ભક્તની વ્યાખ્યા આપતાં કહે છે કે જે વિષયભોગની વાસના તજી બ્રહ્મરૂપ થઈ ભક્તિ કરે તે એકાંતિક ભક્ત, પ્રકૃતિ પુરુષાદિકનાં લક્ષણો બતાવ્યાં છે. ભગવદ્ધામનું વર્ણન કર્યું છે. શું શું નથી પ્રભુ શ્રીહરિના વચનામૃતમાં ? વિધિ નિષેધ વિષે શંકા ન કરવાનું પ્રભુએ કહ્યું છે. સાકાર અને નિરાકાર વિષે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, ભગવાન સાકાર છે અને ભગવાનની મૂર્તિનું તેજ તે નિરાકાર છે.

સદા આનંદમાં રહી ભજન કરવાનું ભારપૂર્વક કહ્યું છે. સારંગપુર પ્રકરણમાં શ્રીહરિએ કહ્યું છે કે વૈરાગ્યથી વિષય નિવૃત્તિ પામે ત્યારે જ મન જીતાય. મન, કર્મ, વચને, ગુણે કરીને ભગવાનમાં હેત થાય તેજ સાચું હેત. ગદ્ગદ્ કંઠે માનસી પૂજા કરવાનો આદેશ આપેલ છે. ધર્મી અધર્મીઓના લક્ષણો બતાવ્યાં છે. શાસ્ત્રે કરીને થયેલ ભગવાનનો અડગ નિશ્ચય કોઈ રીતે ટળતો નથી.

કારિયાણી પ્રકરણમાં મહારાજે શાપિત બુદ્ધિ ટાળવાના ઉપાયો બતાવ્યા છે. ત્યાગીઓને કહ્યું છે કે ગૃહસ્થના ભોગ તમારા માટે અઘટિત છે. પ્રભુ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા પ્રગટ થાય છે. રીસથી આંટી રાખનાર સાધુ ન કહેવાય. સાધુઓએ તો તપથી જ ભગવાનને રાજી કરવા જોઈએ.

લોયા પ્રકરણમાં સંપૂર્ણ સત્સંગીના લક્ષણો બતાવ્યાં છે. વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાને મૃત્યુનો ભય ટળી જાય છે. મહાત્મ્ય જ્ઞાનયુક્ત નિશ્ચયવાળો શ્રીહરિ માટે સર્વસ્વનો ત્યાગ કરી દે છે. ભગવાન ધામમાં રહેતા હોવા છતાં અનંદ બ્રહ્માંડમાં દેખાય છે અને એક જ રૂપે છે. આ પ્રકરણમાં શ્રીહરિએ અંતઃકરણ જીત્યાનો ઉપાય બતાવ્યો છે. નિષ્કામપણાની  શ્રેષ્ઠતા બતાવી છે. પૂર્ણજ્ઞાની તેને જ કહેવાય જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવથી પ્રભુને જાણે. આગળ ઉપર જણાવ્યું છે કે નિર્વિકલ્પપણે નારાયણને પામે તેનો કદી પરાભવ થાય નહીં.

પંચાળા પ્રકરણમાં ભગવાનનું મહાત્મ્ય, ધામનું સુખ, પંચ વિષય ભૂંડા, સાંખ્યયોગનો સિદ્ધાંત, ઉપાસનાની દૃઢતાવાળાનું કલ્યાણ થાય છે, કૃષ્ણવતાર સર્વોત્કૃષ્ટ છે વગેરે કહ્યું છે.

ગઢડા મધ્ય પ્રકરણમાં મોહનું સ્વરૂપ અને તેને ટાળવાનો ઉપાય, ભગવત્ ભક્તે કોઈથી દબાવું નહીં, અંતર્દષ્ટિ તે જ જ્ઞાન યજ્ઞ છે. ભગવત્ સ્વરૂપનો દ્રોહ ન કરવો, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં ભક્તિનું સર્વાધિકપણું જાણવું. કર્મો ભગવત્ પ્રસન્નતાર્થે કરે તેનો જ મોક્ષ થાય. સારા ભૂંડા વિષયથી મન ચળે નહીં તે પરમ ભક્ત જાણવા વગેરે ગહન વિષયોને સરળ ભાષામાં, લોકભાગ્ય ભાષામાં વર્ણવ્યા છે. તેમજ વચનામૃતમાં શ્રીજીએ વખાણેલાં કેટલાંક કીર્તનો આપેલા છે. આવા શ્રીહરિના શ્રીમુખે કહેવાયેલા વચનામૃતમાં વર્તમાનયુગની દરેક સમસ્યાઓ જે આપણને જીવનકાળમાં સતાવતી હોય છે. તેનાં સમાધાન મળી જ રહે છે. નિત્ય શ્રીહરિના વચનામૃત વાંચવા જ રહ્યાં. આપણે મન, કર્મ વચને શુદ્ધ પવિત્ર ભાવે શ્રીહરિના વચનામૃત વાંચી સદાય હૈયે ધારીએ.

આવી પરાવાણી વચનામૃતને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં ભુજ મંદિરમાં ઉજવાયેલો શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ચિત્રો સાથે વિશેષ અહેવાલને સ્થાન આપ્યું છે.

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહેનારનું જીવન ધન્ય બની ગયું. પરંતુ જે હરિભક્તો ઉપસ્થિત ન હોતા તે જીવનના અલભ્ય દિવ્ય આનંદથી વંચિત રહી ગયા. તંત્રી મંડળના દિશાસૂચન મુજબ તેવા હરિભક્તોને ઉત્સવના વિવિધ કાર્યક્રમોને માણવા વર્ણનોનાં વહાણમાં શબ્દોના સથવારે મહોત્સવના  મહેરામણમાં સફર કરાવવાનો વિનમ્ર પ્રયાસ સેવારત હરિભક્તો શ્રી જીતેન્દ્રભાઈ પાલીવાડ, શ્રી જનકરાયભાઈ ભટ્ટ તથા શ્રી ભરતભાઈ મહેતાએ કર્યો છે. જે આપની સમક્ષ આ અંક સ્વરૂપે પ્રસ્તુત છે.

જયશ્રી સ્વામિનારાયણ !

सत्यमेव जयते

प्रधान मंत्री

**Prime Minister**



## સંદેશ

કચ્છના ભેડિયા બેટ ખાતે શ્રી હનુમાન મંદિરની લોકાર્પણ વિધિ થઈ રહી છે તે આનંદનો પ્રસંગ છે.

આંતરરાષ્ટ્રિય સરહદે આવેલા ભેડિયા બેટનું જળ, જમીન અને હવાઈ એમ ત્રિપાંખિયું વ્યૂહાત્મક મહત્વ છે. સદૈવ જાગૃત પ્રહરી એવા ભગવાન હનુમાનજીના જળ,જમીન અને વાયુ પરાક્રમની ગાથા આદિકાળથી ભારતવાસીઓના હૈયે અને હોઠે છે.

ગુજરાત સ્થિત પુણ્યભૂમિ કચ્છ એ આશિર્વાદરૂપ ધરતી છે. કચ્છની જવાંમર્દી અને ઉદારતા જગ વિખ્યાત છે. કુદરતી આફત હોય કે યુદ્ધનું સમરાંગણ, કચ્છી માંડું દરેક વિપરીત પરિસ્થિતિનો પડકાર ઝીલવા તત્પર હોય છે. કચ્છની ધરતીમાં રણ, જમીન, દરિયો અને ડુંગર જેવું વૈવિધ્ય છે એવા જ ચેતનવંતા, ઉદ્યમી અને પરંપરાપ્રિય લોકો છે.

સ્વામિનારાણ મંદિર,ભુજ દ્વારા આ મંદિરની પ્રતિષ્ઠાથી ભક્તિ,શક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ થયો છે. દેશની સરહદ સુરક્ષા માટે જવાનો ખડેપગે છે ત્યારે દિશાના દેવતા ભીડ ભંજન હનુમાનની સ્થાપના થાય તે સ્થળનું માહાત્મ્ય દર્શાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સેવાનું અનુપમ મહત્વ રહ્યું છે. સેવાપ્રવૃત્તિઓમાં ભુજના સ્વામિનારાયણ મંદિરનો આગવો મોભો છે, સ્વામીનારાયણ સંપ્રદાયનો એક આગવો ઇતિહાસ છે, એનું અદકેરું સ્થાન છે. આ મંદિરે કરેલા સેવાકાર્યોના લીધે એક મંદિર હોવાને કારણે ભક્તિ અને અધ્યાત્મમાં તો એનું સન્માનનીય સ્થાન હોય પણ આ મંદિર એ કરુણાનો કીર્તિસ્થંભ છે. ધર્મસેવા, સમાજસેવા પછી આ રાષ્ટ્રસેવામાં સંપ્રદાયનું પ્રદાન થઇ રહ્યું છે.

1/2

આજે ભેડિયાબેટનો પણ મહિમા વધે છે તેનો વિશેષ આનંદ છે. દેશની સરહદોની સુરક્ષા માટે પ્રાણ ન્યૌછાવર કરવા તત્પર એવા આપણા બહાદુર સૈનિકો અહર્નિશ સરહદની સુરક્ષા કરી રહ્યા છે. હવે દિશાઓના દેવતા હનુમાનજી એક ભીડભંજક દેવતા તરીકે પ્રસ્થાપિત થાય છે એ ખુબ જ આનંદનો વિષય છે.

આ પુણ્ય-અવસર પર આપ સૌ સત્સંગી ભાઈબહેનોને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવું છું. સૌ ત્યાગમૂર્તિ એવા સંતોને પ્રણામ પાઠવું છું. પરમ પૂજ્ય શ્રી તેજેંદ્રપ્રસાદજી મહારાજ તથા સૌ પાર્ષદોને નમન કરું છું.

આપ સૌને જય સ્વામિનારાયણ.

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૯ ડિસેમ્બર, ૨૦૧૯
૧૮ અગ્રહાયણ, શક સંવત ૧૯૪૧

**Shri Mahant Swami Ji**
Swaminarayan Mandir
Bhuj, District - Kutch
Gujarat

2/2



गृह मंत्री
भारत
**HOME MINISTER**
**INDIA**

एच.एम.पी. – 1681343

05 DEC 2019

**श्री धर्मनंदनदास जी,**

श्री स्वामीनरायण मन्दिर द्वारा कच्छ सीमा स्थित भेडीयाबेट हनुमानजी मन्दिर के नूतन परिसर का वास्तुपूजन एवं राष्ट्रार्पण समारोह हेतु दिनाँक 10 दिसम्बर, 2019 को मेरी उपस्थिति के संबंध में आपका आमंत्रण पत्र प्राप्त हुआ।

खेद है कि आधिकारिक और पूर्व निर्धारित व्यस्तताओं के कारण मेरा इस समारोह में शामिल हो पाना संभव नहीं है। समारोह के सफल आयोजन हेतु मेरी शुभकामनाएँ।

धन्यवाद।

आपका,

(अमित शाह)

**श्री महंत पुराणी स्वामी धर्मनंदनदासजी,**
श्री स्वामीनरायण मन्दिर रोड,
भुज-कच्छ – 370 001
(गुजरात)

Office : Ministry of Home Affairs, North Block, New Delhi-110001
Tel. : 23092462, 23094686, Fax : 23094221
E-mail : hm@nic.in



**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/Jm/2019/12/09/vj

તા. ૦૯-૧૨-૨૦૧૯

**આદરણીય મહંત શ્રી પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી,**

જય સ્વામિનારાયણ.

ભૂજ મુકામે ભેડીયા બેટ-**BSF** હનુમાનજી મંદિરના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટેનું આપશ્રીનું નિમંત્રણ મળતાં ખૂબ આનંદ થયો.

પ્રભુ રામના પરમ સેવક, મા સીતાના અનન્ય રક્ષક એવા મહબલી હનુમાન, શૌર્ય અને શક્તિના પ્રતીકરૂપ છે. સરહદ પર તૈનાત આપણા જવામર્દોની જાંબાજીના પરચારૂપ પ્રતિનિધિ છે. પ્રજાની પરમઆસ્થાની અદભુત ઊંચાઈએ બિરાજતા હનુમાનજીને નૂતન મંદિરે સ્થાપિત કરવાનો અવસર, ભૂજની જનતા અને ભેડીયાબેટ પર તૈનાત સૈન્યબળ માટે આસ્થાનો આધાર છે.

દાતાઓની દિલેરી અને ભગવાન સ્વામિનારાયણના શુભાશિષ સાથે નિર્માણ પામેલ મંદિરના લોકાર્પણ પ્રસંગે, ઉપસ્થિત સંતગણ અને સૌ ભક્તજનોને મારા વંદન સહ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Purani Swami Dharmnandandasji,**
Bhediyabet, Hanumanji Mandir BSF,
Swaminarayan Mandir, Bhuj-370430.

# વચનામૃત ઉત્સવ લોગો વિમોચન

કાર્તક સુદ-૧૧, તા. ૨૭-૧૧-૨૦૧૯ ના સવારે આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં 'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'ના લોગાનો વિમોચન વિધિ પ.પૂ.મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી સાથે સાતે મંડળના મંડળધારી સંતોના વરદ્હસ્તે સંપન્ન થયો. આ પાવનકારી પ્રસંગ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના પવિત્ર પ્રાંગણમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે ઉમંગભેર યોજાઈ ગયો.

મહોત્સવના મંગલાચરણ સમા આ પ્રસંગે અંતરના આશીર્વાદ અભિવ્યક્ત કરતાં પૂ. મહંત સ્વામીએ જણાવ્યું કે આજે અતિ આનંદનો દિવસ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની અમીદૃષ્ટિ સભર આશીર્વાદ સૌ હરિભક્તો પર વરસતા રહે. સૌ આ ઉત્સવ મન ભરીને માણજો અને દરેક પ્રસંગે હાજરી આપજો.








# ઉત્સવ સ્થળ પસંદગી તથા પૂર્વતૈયારી

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી માટે વિશાળ જગ્યાની આવશ્યકતા હતી. તે માટે ભુજના હમીરસર છતરડી વાળા તળાવની પસંદગી કરવામાં આવેલ.

મહોત્સવની ઉજવણી માટે વિશાળ જગ્યાની વહીવટી મંજુરી મેળવ્યા બાદ તળાવમાં રહેલ પથ્થરાઓ પાણી ઝાડી ઝાંખરાને ખૂબ જહેમત ઉઠાવીને જમીનને સમતલ બનાવવામાં આવી.

ત્રણ મહિનાની સખત મહેનત દ્વારા હરિભક્તોની ટીમે જે.સી.બી. ટ્રેક્ટરોને કામે લગાડીને જગ્યાને ભવ્ય સભામંડપ અને અન્ય વ્યવસ્થા માટે તૈયાર કરેલ. તળાવ જાણે નંદનવન સમાન બન્યું હોય તેવો માહોલ ઊભો કરવામાં આવેલ.

વિશાળ સુંદર પ્રવેશદ્વાર અને વિશાળ મંડપ આકર્ષણનું કેન્દ્ર સમાન હતા. ભગવાનની નગરીમાં આવ્યા હોઈએ તેવું દૃષ્ટિગોચર થતું હતું. દેશ વિદેશથી પધારેલા સૌ હરિભક્તો આ મંડપ તથા અન્ય અદ્ભુત વ્યવસ્થા નિહાળીને પ્રભાવિત થયા હતા.









## મહોત્સવની આમંત્રણ પત્રિકા વિમોચન

'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'ની આમંત્રણ પત્રિકાનો વિમોચન વિધિ તા. ૦૮-૧૧-૨૦૧૮ કાર્તિક સુદ-૧૧ના રોજ સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં હાથ ધરાયો. મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે કરાયેલ વિમોચન વિધિમાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી કોઠારી પાર્ષદ જાદવજી ભગત મંડળધારી સંતો ઉપરાંત કોઠારી પ.ભ. રામજીભાઈ વેકરિયા આદિ ટ્રસ્ટીઓ, ઉત્સવના મુખ્ય યજમાન કેરાઈ પરિવાર આદિ જોડાયા હતા. હજારો હરિભક્તો પ્રસંગની શોભા વધારતા હતા.

મહોત્સવની મુખ્ય તેમજ ઝીણામાં ઝીણી વિગતો તેમજ દાતાઓની યાદી ઉપરાંત સમિતિઓની વિગતોને સમાવી લેતી આ પત્રિકાના વિમોચન સમયે અત્યંત હર્ષોલ્લાસના વાતાવરણમાં મહંત સ્વામીએ આનંદ વ્યક્ત કરતાં આશીર્વાદ પાઠવ્યા હતા. અને દરેકે દરેક હરિભક્ત સુધી પત્રિકા પહોંચશે તેવી ઘોષણા કરી હતી.

















# મહોત્સવનો વિજય ધ્વજા રોહણ

કારતક વદ-૧૧ તા. ૨૩-૧૧-૨૦૧૯ શનિવારનો દિવસ ભુજ મંદિરના સંતો અને ભુજના હરિભક્તો માટે વિશેષ આનંદનો દિવસ હતો. આ દિવસે બે-બે મહત્ત્વના પ્રસંગો હતા. વિજયધ્વજ લહેરાવવાનો તેમજ વિશેષ સુવિધા પૂર્ણ ભોજનખંડના ઉદ્‌ઘાટનનો!

વહેલી સવારથી હજારો હરિભક્તો મંદિર પરિસરમાં આવી પહોંચ્યા હતા. હર્ષ, ઉલ્લાસ, ઉમંગ સાથેના ભક્તિમય વાતાવરણમાં સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ ૨૫ x ૫૫ (ફૂટ) લાંબી ધજા (વિજય ધ્વજ)નું શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક કંકુ-અક્ષત વડે પૂજન-અર્ચન કર્યું. આ અલૌકિક આનંદના અવસરમાં પૂજનકાર્યમાં સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી મંડળધારી સંતો કોઠારી પાર્ષદ જાદવજી ભગત સાથે યજમાનો પણ જોડાયા હતા. સંતો-હરિભક્તોના જયનાદ વચ્ચે આરતી ઉતારવામાં આવી.

સંતોએ કરકમળોમાં ભાવપૂર્વક વિજયધ્વજને ગ્રહણ કરી ધ્વજયાત્રાના પ્રારંભની ઘોષણા કરી, હાથમાં વિજયધ્વજ સાથે સંતોની સાથે ૨૭૩ વચનામૃતના પ્રતીક રૂપે ૨૭૩ યુવક-યુવતીઓ હાથમાં ધર્મધજા અને મશાલો લઈને શિસ્તબધ્ધ રીતે આ ધ્વજયાત્રામાં જોડાયા હતા. શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે નીકળેલી આ યાત્રા પોલીસ સ્ટેશન, મ્યુઝિયમ, વિજયરાજજી લાયબ્રેરી, લેકવ્યુ હોટલ થઈને હમીર સરોવરનાં છત્તરડીવાળા ભાગમાં નિર્માણ પામેલ અતિ વિશાળ વચનામૃત સભામંડપ પહોંચી હતી. સભામંડપમાં યાત્રાનું સ્વાગત કરાયું અને વિજયધ્વજને વંદન કરાયા બાદ પ.પૂ.મહંત સ્વામીના વરદ્ હસ્તે ૧૦૮ ફૂટની ઊંચાઈએ વિજયધ્વજને ગૌરવભેર લહેરાવવામાં આવ્યો. પ્રાચીનકાળથી ચાલી આવતી આ ઋષિ પરંપરા - વિજય ધ્વજ લહેરાવાની ભારતીય હિન્દુ સંસ્કૃતિને ભુજ મંદિર સદૈવ અનુસરી રહ્યું છે. આ પ્રસંગે પાર્ષદ જાદવજી ભગત, વિજય ધ્વજના મુખ્ય યજમાન અ.નિ. વિશ્રામભાઈ ગોરસીયા પરિવારના સભ્યોએ વિજય ધ્વજનું પૂજન કર્યું અને આકાશ માર્ગે ધ્વજ ઊર્ધ્વગામી થતાં વાતાવરણ હજારો હરિભક્તોના શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષથી ગુંજી





ઊઠ્યું. યાત્રાએ સભામંડપમાં વિશ્રામ લીધો અને સૌએ પૂ. મહંત સ્વામીના આશીર્વાદ ગ્રહણ કર્યા. વિજયધ્વજ રોપણ સાથે આ ઐતિહાસિક પ્રસંગનો શુભારંભ થયો.

મંદિરમાં વિશેષ સુવિધા પૂર્ણ ભોજનખંડના ઉદ્‌ઘાટનની ઘડી પણ આવી પહોંચી. પૂ. મહંત સ્વામી અને ભોજનખંડના દાતાશ્રીઓ કે. કે. પટેલ - સામત્રા દ્વારા આ આધુનિક સંપૂર્ણ સુવિધાસભર ભવ્ય ભોજનખંડ હરિભક્તોને અર્પણ કરવામાં આવ્યો. ભવ્ય અને સુંદર સજાવટ સાથેના ખુરશી-ટેબલો તેમજ પ્રકાશ આયોજન ઉપરાંત વોશિંગની અદ્યતન સગવડ સાથેનો વિશાળખંડ મંદિરની સુવિધાઓમાં યશકલગી સમાન બની રહેશે.













































# ભોજનાલય ઉદ્‌ઘાટન

ભૂજ મંદિરમાં વિશેષ સુવિધા પૂર્ણ ભોજનખંડના ઉદ્‌ઘાટનની ઘડી પણ આવી પહોંચી. પૂ. મહંત સ્વામી અને ભોજનખંડના દાતાશ્રીઓ કે. કે. પટેલ - સામત્રા દ્વારા આ આધુનિક સંપૂર્ણ સુવિધાસભર ભવ્ય ભોજનખંડ હરિભક્તોને અર્પણ કરવામાં આવ્યો. ભવ્ય અને સુંદર સજાવટ સાથેના ખુરશી-ટેબલો તેમજ પ્રકાશ આયોજન ઉપરાંત વોશિંગની અદ્યતન સગવડ સાથેનો વિશાળખંડ મંદિરની સુવિધાઓમાં યશકલગી સમાન બની રહેશે.









# વચનામૃત પાવનકારી પોથીયાત્રા

















જેની ચાતક નજરે રાહ જોવાતી હતી તે 'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'ના પ્રારંભનો મંગલમય દિવસ આવી પહોંચ્યો. તા. ૨૯-૧૧-૨૦૧૯, માગસર સુદ-૩ શુક્રવારે બપોરે પોથીયાત્રાનું આયોજન કરવામાં આવેલ. હજારો હરિભક્તો નવા વસ્ત્રો પરિધાન કરી હર્ષોલ્લાસ સાથે ઉમંગભેર ઉમટી પડ્યા હતા. પ્રસાદીભૂત ફૂલવાડીથી પોથીયાત્રાનો પ્રારંભ થવાનો હતો. આ સ્થળે પ્રસાદી રૂપ આંબલીના વૃક્ષ નીચે વચનામૃત - પોથી પૂજન પ્રાતઃ સ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્‌હસ્તે વેદોક્ત વિધિથી કરવામાં આવ્યું. આ સમયે કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી મંડળધારી સંતો તથા મોટી સંખ્યામાં સંતો પણ જોડાયા હતા. વડીલ સંતોની ઉપસ્થિતિ હરિભક્તોના ઉત્સાહમાં વધારો કરતી હતી. પોથીયાત્રા સમયે ગુલાબી સાફામાં શોભતા યજમાનોને સંતોએ ફૂલહાર પહેરાવીને પ્રોત્સાહિત કર્યા








હતા. સંતોનો પ્રેમભાવ અને લાગણીનો અનુભવ કરી હરિભક્તો અભિપ્રેરિત થયા હતા.










સુંદર અને આકર્ષક રીતે શણગારેલી પોથીને શિરોધાર્ય કરીને યાત્રામાં જોડાયેલ ગૃહિણી બહેનોના હૈયામાં હર્ષ સમાતો નહોતો. જીવનમાં આવો અણમોલ અવસર પ્રાપ્ત થવાથી ધન્યતા અનુભવતી બહેનો સતત શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ બોલતી હતી અને મહામંત્રની ધૂનથી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. ચોવીસીની ભજન મંડળીઓ પરંપરાગત ખાસિયત સાથેનાં નૃત્ય સાથે ભજન-કીર્તનની રમઝટ બોલાવતી હતી. શ્રી સહજાનંદ સ્વામીએ જે જે જગ્યાએ વચનામૃતની વાણી વહાવી છે તે તમામ સ્થળોથી દીપજ્યોત લઈ રવાના થઈ ૭૨૦ કિ.મી.ની યાત્રા કરી ૫૧ સાઈકલસવાર હરિભક્તો આ યાત્રામાં જોડાયા હતા. વચનામૃત સ્થળોએથી આવેલી જ્યોતથી મશાલો પ્રજ્વલિત કરવામાં આવી હતી અને આ જ્યોત






પણ પોથીયાત્રાની શોભાનો એક નોખી ભાત ઉપસાવતું અંગ બની હતી.

ફૂલવાડીથી વાજતે ગાજતે નીકળેલી ભવ્ય દિવ્ય પોથીયાત્રા ખેંગાર પાર્ક, રાજેન્દ્ર પાર્ક થઈને વચનામૃત સભામંડપમાં પહોંચી હતી. જ્યાં આ યાત્રાનું વિશેષ સ્વાગત કરાયું હતું, પોથીનું પૂજન કરાયું હતું. આનંદની અભિવ્યક્તિ કરતા રંગબેરંગી ફુગ્ગા આકાશમાર્ગે વહેતા મૂકાયા હતા. સંતોએ વચનામૃત સભામંડપમા રીબીન ખોલી પ્રવેશદ્વાર ખુલ્લો મૂક્યો હતો. સભામંડપમાં પોથીને યથોચિત સ્થાને પધરાવવામાં આવી. સભામાં ફેરવાઈ ગયેલી પોથીયાત્રાના હરિભક્તોને આશીર્વાદ આપીને આનંદ વ્યક્ત કરતાં પૂ. મહંત સ્વામીએ ઉત્સવનો ભરપૂર લાભ લેવા જણાવ્યું હતું. ઉત્સવમાં કોઈ વિઘ્ન નહીં આવે એવી શુભ ભાવના દર્શાવી હતી.















વચનામૃત પ્રવેશદ્વાર



















## દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનો પ્રારંભ

માગસર સુદ-૪ ૩૦ નવેમ્બર ૨૦૧૯ના રોજ વિશાળ વચનામૃત સભામંડપમાં સદ્‌ગુરુ સંતો, હરિભક્તોની વિશાળ હાજરીમાં મહોત્સવનો દીપ પ્રાગટ્ય કરીને દબદબાભેર ભવ્યાતિભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજીભગત, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી ભુજ મંદિરના મંડળધારી સંતો, ભુજ મંદિરના ટ્રસ્ટીઓ તથા મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. નારણભાઈ મનજી કેરાઈ સુત કાન્તિભાઈ પરિવારના શુભ કરકમળો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે પારાયણનો શુભારંભ થયો હતો.

સભા સંચાલક અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ ભાવસભર વાણીમાં વચનામૃતનો આછેરો પરિચય આપતાં જણાવ્યું કે "સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન સમગ્ર ભરતખંડના અનેક દેવ-મનુષ્યાદિકને મોક્ષદાન આપવા ઠેર ઠેર વિચરણ કરતા અને અનેક જીવોને પોતાના દિવ્ય વચનોથી અમૃતપાન કરાવી સુખી કરતા. વર્તમાન યુગમાં પણ શિક્ષણની શ્રેષ્ઠ પદ્ધતિ પ્રશ્નોત્તર પદ્ધતિ ગણાય છે. ભગવાન સ્વામિનારાયણે તો વર્ષો પહેલાં હરિભક્તો અને જિજ્ઞાસુ દ્વારા કરવામાં આવેલી પ્રશ્નોત્તરીનો સ્વયં પ્રતિપાદિત કરેલો આ ગ્રંથરાજ છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે ભગવાન સ્વામિનારાયણની હાજરીમાં જ લખાયેલો અને તેમના દ્વારા જ પ્રમાણિત થયેલો ગ્રંથ છે. લોયામાં નિત્યાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણને આ ગ્રંથ બતાવ્યો અને સ્વયં શ્રીહરિએ પોતે જે ઉચ્ચાર્યું તે જ લખાયું છે તે ચકાસી જોયું હતું. તેમાં જે તે સમયે સ્વયં શ્રીહરિ કેવાં અને કયા રંગના વસ્ત્રો પહેર્યા હતાં, ખેસ કેવો ધારણ કર્યો હતો, કંઠમાં કયા ફૂલોના હાર પહેર્યા હતા. મસ્તક પરની પાઘ કે મુગટ કેવો છે ! તેમાં કયા પુષ્પોના તોરા ઝુલી રહ્યા છે. ભગવાને તે સમયે કેવી કેવી ચેષ્ટાઓ કરી હતી. આવી સૂક્ષ્માતિ સૂક્ષ્મ નોંધ તે સમયના દૃશ્યને આબેહૂબ નજર સમક્ષ ખડું કરીને આપણને તે કાળમાં લઈ જાય છે. દરેક ઉપદેશવચન કયા સ્થળે, કઈ તિથિએ કયા સમયે (સવાર, બપોર, સાંજ, રાત્રિ) ઉચ્ચારવામાં આવ્યા છે તે તમામ વિગતો અચૂકપણે ચોકસાઈથી નોંધવામાં આવી છે. જે આ ગ્રંથની પ્રમાણભૂતતા સ્થાપિત કરે છે.

વચનામૃત એ સ્વામિનારાયણ ભગવાનની ઉપદેશ વાણીનો પ્રશ્નોત્તર શૈલીનો અત્યુત્તમ ગ્રંથ છે. જેમાં તેમણે આપેલા ઉપદેશોમાંથી કુલ ૨૭૩ વચનામૃતોનો સમાવેશ છે જે સ્વામિનારાયણ સંપ્રદાયનો અતિપ્રસિદ્ધ અધ્યાત્મગ્રંથ છે. આ ગ્રંથમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાન અને તેમના આશ્રિત સંતો અને સદ્ ગૃહસ્થો વચ્ચે

થયેલી આધ્યાત્મિક જ્ઞાનગોષ્ટીને સંગ્રહિત કરવામાં આવી છે. મુક્તાનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી આ પાંચ સંતોએ મળીને આ ગ્રંથનું સંપાદન કર્યું છે અને તે સંપાદન પણ સ્વયં સ્વામિનારાયણ ભગવાને માન્ય કરેલું છે. આમાં અનાદિના મૂળભૂત પાંચ તત્ત્વો (જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ) ભગવાનનું સ્વરૂપ, બ્રહ્માંડોની રચના, આત્મા પરમાત્માનું જ્ઞાન, ભગવાનને પામવા માટેના સાધનો, ભગવાનને પામવા માટે સત્પુરુષની અનિવાર્યતા વગેરે મુદ્દાઓનો સુપેરે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.''

પ્રથમ સત્રમાં શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ વ્યાસપીઠ પરથી વ્યાસમય વાણીમાં જણાવ્યું કે ''વેદ એ ભગવાનનું વાઙ્મય સ્વરૂપ છે. વેદનો ઉપદેશ વ્યક્તિરૂપે બ્રહ્માજીએ કર્યો ઋષિમુનિઓને અને ઋષિમુનિઓએ બ્રાહ્મણોને ઉપદેશ કર્યો. જેમની અંદર પ્રશ્ન કરવાની તાકાત છે એ જ કંઈક મેળવી શકે છે. ભગવાન સંબંધી વાર્તા શાસ્ત્રોમાં હોય તોપણ સમજાતી નથી. પ્રશ્ન પૂછવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવાન સ્વામિનારાયણને કીર્તન ભક્તિ અતિ પ્રિય છે. ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવા સિવાય કોઈ કઠિન કાર્ય નથી.''

બીજા સત્રમાં વ્યાસપીઠ પરથી પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ સંતના લક્ષણો વર્ણવતાં કહ્યું કે, શાસ્ત્રો અને સંતો પ્રત્યે આંતરિક આદરભાવ થાય તો જ ચિત્તની વૃત્તિઓ શાંત થાય. વચનામૃત એ માનવમાત્રને ઉપયોગી છે. ગુજરાતી ભાષાનું એ એક રત્ન છે. સંતોએ પણ સત્પુરુષનો સમાગમ કરવો જોઈએ. સંત સમાગમમાં રહેવાથી સત્કર્મો ઊગી નીકળે છે.

















# વચનામૃત ૨૭૩ સંહિતાપાઠ

પાવનકારી સત્ શાસ્ત્રમાં ૨૭૩ વચનામૃત સંગ્રહિત છે. આ બાબતને ધ્યાનમાં લઈ ૫૧-સંત અને ૨૨૨-સાં.યોગી બહેનો મળીને કુલ ૨૭૩ સંહિતાપાઠી હતા. એકાગ્ર ચિત્તે સંહિતાપાઠ મગ્ન આટલી મોટી સંખ્યામાં સંતો અને સાં.યો. બહેનોનાં દર્શનનો અલભ્ય લાભ નસીબદાર ભક્તોને જ મળે ! કથાના આવા દર્શન કરીને સૌ ધન્યતા અનુભવતા હતા.







# ૨૦૦ કિલો સૂકા મેવામાંથી બનાવેલો લાડુ ભગવાનને ધરવામાં આવ્યો





પ્રથમ દિવસના બીજા સત્રને અંતે કેરા ગામના સાંખ્યયોગી બહેનો અને હરિભક્તોએ હૃદયના શુદ્ધ-પૂર્ણ ભાવથી ૨૦૦ કિલો સૂકા મેવામાંથી બનાવેલો લાડુ ભગવાનને ધરવામાં આવ્યો. સભામંડપની વિશાળ મેદનીએ આ પ્રસંગે ધન્યતા અનુભવી.





## મહોત્સવનો બીજો દિવસ

સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજીએ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વૈરાગ્યની સમજ બહુ જ સરળ અને વ્યવહારુ શૈલીમાં આપી હતી. રાજા જનકના વચનામૃતમાં ૧૬ વખતના ઉલ્લેખ દ્વારા વક્તાએ અતિ સરળ લોકભાગ્ય ભાષામાં વૈરાગ્યની વાત સમજાવી હતી. શાસ્ત્ર, સાધુ અને ભગવાનની સેવા છૂટી તો રાગમાં બંધાયા સમજો.

"ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના કરીએ કોટિ ઉપાય" સ્વામી નિષ્કુળાનંદના આ ભજન દ્વારા અને સુંદર ઉદાહરણ સાથે વચનામૃતમાં વર્ણવાયેલ તેમજ અક્ષરશઃ વક્તાશ્રીએ સમજાવેલ. કોઈ કારણવશ છોડવામાં આવે તે ત્યાગ અને કશાય કારણ વિના છોડવું તે વૈરાગ્ય.

ભુજ મંદિરના ટ્રસ્ટી ધર્મચરણદાસજી સ્વામીએ વિશાળ હરિભક્તોની મેદનીને વૃક્ષારોપણ કરી અને પ્લાસ્ટિકના ઝબલાનો ત્યાગ કરી પર્યાવરણની જાળવણીની અપીલ કરતાં કહ્યું કે આમ કરીને આપણે કચ્છની ધરતીને વર્ષો સુધી તૃપ્ત કરી શકીશું. કચ્છને નંદનવન બનાવી શકીશું.

## મહોત્સવના તૃતીય દિને

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના તૃતીય દિને પારાયણના વક્તાએ જણાવ્યું હતું કે, "મૂર્તિ ભૂલી જવાય તો પણ જે સ્થાનકે લીલા કરી હોય તે જો યાદ આવે અથવા સત્સંગી યાદ આવે કે બ્રહ્મચારીને સાધુ સાંભરી આવે, ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે તે જીવ મોક્ષને પામે છે." નરસિંહ બ્રાહ્મણ અને ભરવાડના દૃષ્ટાંત દ્વારા એ કથનને સહજતાથી સમજાવતાં કહ્યું કે, "જો અંત સમયે ભગવાનનું કોઈ ચરિત્ર યાદ આવે તો પણ મુક્તિ થાય છે." શ્રી સહજાનંદ સ્વામીના જીવનમાં આવેલા પુરુષ ભક્તોની ગાથા વર્ણવતો ગ્રંથ 'શ્રી સહજાનંદી ભક્તિ સાગરના પુરુષ રત્નો' જેનું સંપાદન શ્રી પુરુષોત્તમભાઈ કાચા ધોરાજીએ કર્યું છે એ પુસ્તકનું વિમોચન વડીલ સંતોના કરકમળો દ્વારા થયું. સ્વામી કેશવજીવનદાસજીએ પોતાના વક્તવ્યમાં ૨૭૩ વચનામૃતને જીવનમાં ઉતારવા પર ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

સારંગપુરથી પધારેલા પૂજ્ય વિષ્ણુપ્રકાશજી સ્વામીએ શ્રી સ્વામિનારાયણના ૭ વર્ષના વન ભ્રમણ ફક્ત ત્રણ જ મિનિટમાં દરેક સ્થાનના નામ સાથે વર્ણવીને સભામંડપમાં ઉપસ્થિત સર્વે હરિભક્તોની મેદનીને મંત્રમુગ્ધ કરી દીધા. તેમણે પોતાના જીવનનો ૪૮ વર્ષ જૂનો ભુજ મંદિર સાથેના પ્રસંગને વર્ણવી ભુજ મંદિરના વડીલ સંતોની પ્રશંસા કરી, "મારા ગુરુએ મને વિદ્વાન સિદ્ધ સંતનાં દર્શન કરાવવાનું કહ્યું. ગુરુ સાથે સહજ સંતોનાં દર્શન કરતાં કરતાં એક વડીલ સંત કે જેઓ થાંભલાના ટેકે કોથળા પર બેસી માળા કરતા હતા તેમના દર્શન કરી આગળ ગયા એટલે જે સંત વિશે પૂછ્યું તો તેમણે કોથળા પર બેઠેલા સંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી કે જેઓ તે સમયે ભારતના ૭ જ્ઞાની સંતોમાંના એક ગણાતા તેમના વિષે જણાવ્યું. તેમની સાદગી અને સરળતાને મેં ફરી મનોમન નમન કર્યા."

બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ શાસ્ત્રોના શ્રવણ અને વાંચન વિષે વિવેચન કરતાં જણાવ્યું કે "શાસ્ત્રોનું શ્રવણ અને મનન છોડી દેતાં મન વિચલિત થાય છે. ધર્મ અને અધર્મની ઓળખ શાસ્ત્રો જ આપી શકે છે. શાસ્ત્રોના શ્રવણથી સદ્‌બુધ્ધિ આવે છે. જીવ, ઈશ્વર, માયા અને પરબ્રહ્મમાં જે ભેદ છે તે શાસ્ત્રો જ સમજાવે છે. ભગવાન રામ અને ભારદ્વાજ ઋષિના ઉદાહરણ દ્વારા કાનને સમુદ્ર સાથે સરખાવી આ ઉદાહરણને સરળતાથી સમજાવેલ." પ્રસાદી મંદિરના સ્વામી મહંત લક્ષ્મીપ્રસાદદાસજી અને માંડવી મંદિરના સ્વામી મહંત ભગવદ્‌જીવનદાસજીએ વચનામૃત ગ્રંથના ગુણને આલેખતું. વિદ્વતાસભર સરળશૈલીમાં વક્તવ્ય આપ્યું હતું.

કીર્તન મુક્તાહારમ્ પુસ્તક અને પેન ડ્રાઈવનું વિમોચન પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના હસ્તે કરવામાં આવ્યું હતું.

# ત્રિદિવસીય શ્રી હરિયાગ, બટુકોને યજ્ઞોપવિતની વ્યવસ્થા વિશિષ્ટ રહી







શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન મંદિરના પરિસરમાં તા. ૩૦-૧૧-૧૯થી ૨-૧૨-૧૯ સુધી હરિયાગનો પ્રસંગ યોજવામાં આવેલ હતો. ત્રિદિવસીય હરિયાગમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પૂજન કરાય તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

હરિયાગ માટે યજ્ઞશાળા જે તૈયાર કરવામાં આવેલ. તેમાં માટી અને ગાયોના ગોબરનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

યજ્ઞમંડપમાં દેહશુદ્ધિ થઈ ગયા બાદ જ પ્રવેશવું તેવો આગ્રહ રાખવામાં આવેલ હતો. ગણપતિ પૂજન તથા તમામ દેવોનું પૂજન વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું.

હરિયાગની સાથે બટુકોને યજ્ઞોપવિત કરવામાં આવી હતી.

હરિયાગની પૂર્ણાહુતિ પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે શ્રીફળ હોમીને સંપન્ન થઈ હતી.

ખાસ નોંધનીય બાબત એ હતી કે યજ્ઞશાળાની સંપૂર્ણ શુદ્ધિ જળવાય તે માટે હાથ પગ ધોઈને જવાનું, જનોઈ વગરની વ્યક્તિએ પ્રવેશ ન કરવો. યજ્ઞના દિવસો દરમિયાન દાઢી વાળ ન કાપવા, ધોતિયું પહેરીને આવવું. આવા નિયમોનું ચુસ્ત પાલન થાય તેવો સમિતિએ આગ્રહ રાખ્યો હતો. આ રીતે ત્રણ દિવસો ખૂબ જ સુંદર રીતે શ્રીજી મહારાજની કૃપાથી સંપન્ન થયા હતા.















# રક્તદાન



મહોત્સવ અંતર્ગત માગસર સુદ-૫, તારીખ ૧-૧૨-૨૦૧૯ રવિવારે સવારે મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય દ્વારા આ કેમ્પનું ઉદ્‌ઘાટન સ.ગુ.પુ. સ્વામી શ્રી હરિદાસજી, સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના વરદ્‌ હસ્તે કરાયું હતું. વચનામૃતનો એક એક શબ્દ માનવજીવનમાં અમૃત સમાન છે જે સદ્‌વૃત્તિને પોષીને વિકારોને દૂર કરે છે. તે રીતે જ રક્તનું એક એક ટીપું અમૂલ્ય છે અને જરૂરતમંદ દર્દી માટે નવજીવન બક્ષનારું છે. એ દૃષ્ટિએ તો રક્તદાન એ જીવનદાન છે. ભુજ મંદિર દ્વારા જનકલ્યાણની પ્રવૃત્તિઓમાં માનવ સ્વાસ્થ્યને મહત્ત્વ અપાયું છે. મેડિકલ કેમ્પો યોજીને નિદાન-સારવાર-શસ્ત્રક્રિયાઓ સાથેની નિઃશુલ્ક વ્યવસ્થાઓ ગોઠવીને તેમજ આવા રક્તદાન કેમ્પ યોજીને હજારો માનવને નવજીવન આપીને ભુજ મંદિરે માનવધર્મને પ્રાધાન્ય આપ્યું છે.

આ મેગા કેમ્પમાં ૮૦૦ થી વધુ લોકોએ રક્તદાન કર્યું હતું અને બે લાખ એંસી હજાર સી.સી. રક્ત એકત્ર થયું હતું.

બ્લડ બેંક તથા G.K. જનરલ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ આ કેમ્પમાં હોસ્પિટલના લેબ ટેક્નિશીયનો, જુનિયર ડૉક્ટર્સ, સિનીયર ડૉક્ટર્સ સહિત ૨૫ કર્મચારીઓ તથા સંતો અને હરિસેવક સ્વયંસેવકોએ વ્યવસ્થા સંભાળી હતી.







# શ્રી હનુમાનજી - ગણપતિ સુવર્ણ સિંહાસન













## ૫૮ કિલો ચાંદીમાં વચનામૃત

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના પારાયણ પ્રસંગે ૨૭૩ વચનામૃત સાથેનું કચ્છની ચાંદીનું હસ્તલિખિત વચનામૃત ભુજ સ્વામિનારાયણ મંદિરને અર્પણ કરવામાં આવેલ. આ ચાંદીના વચનામૃતની વિશિષ્ટતા એ છે કે આ વચનામૃત ૫૮ કિલોનું વચન ધરાવે છે અને તે ચાંદીના પત્રમાં છે. યજમાન પરિવાર દ્વારા સભામાં આ વચનામૃત અર્પણ કરવામાં આવેલ.

વચનામૃત અર્પણ કરવાના સમયે પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગતની ઉપસ્થિતિ હતી. મહંત સ્વામીએ આશીર્વચન પાઠવતાં અતિશય આનંદની લાગણી વ્યક્ત કરતાં જણાવેલ કે હરિભક્તોમાં અતિશય ભક્તિભાવ રહેલ છે. જેના દર્શન થાય છે. કચ્છના હરિભક્તોમાં સત્કાર્યોની સરવાણી હંમેશાં વહેતી રહે છે. શ્રીહરિને સાથે રાખી આવા જ્ઞાનયજ્ઞના કાર્યક્રમોમાં હંમેશાં જોડાયેલા રહેશો. એવી અભિલાષા વ્યક્ત કરી હતી. આ વચનામૃતના કાયમી દર્શન થતા રહે તે માટે ભુજના અક્ષરભવન ખાતે મૂકવામાં આવશે. જે લોકોને કાયમી યાદ રહેશે.









રામ ભગવાનના વિશેષ શણગાર

## વિદ્વાન વક્તાઓ

વચનામૃતનો સર્વાંગી અભ્યાસ અને મનન-ચિંતન કરી, વિચાર-વિનિમય અને પરામર્શ કરી સંપૂર્ણ સજ્જ થઈને ભુજ મંદિરના વિદ્વાન વક્તા સંતો એ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ શ્રી સહજાનંદ સ્વામીના અમૃત વચનોને રુચિકર રીતે લોકભોગ્ય ભાષામાં સહજ અને સરળ રીતે સ્પષ્ટ કરી શ્રોતાગણ વચનામૃતના વચનોને અનુસરે એવા પ્રેરણાદાયક વક્તવ્યોથી કથાને અત્યંત રસપ્રદ બનાવી હતી. એક-એકથી ચડિયાતા વક્તાઓએ શ્રોતા હરિભક્તોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.


શા.સ્વામી નારાયણમુનિદાસજી


શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી


શા.સ્વામી ભક્તવત્સલદાસજી


શા.સ્વામી દેવચરણદાસજી


શા.સ્વામી શ્રીરંગદાસજી


શા.સ્વામી અક્ષરમુનિદાસજી


શા.સ્વામી શૌનકમુનિદાસજી


શા.સ્વામી ઘનશ્યામદાસજી

## સભા સંચાલકશ્રીઓ


શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી


શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી


શા. સ્વામી હરિકૃષ્ણદાસજી

# વચનામૃત તથા સંગ્રહ કર્તા સંતોનું વિવિધ દ્રવ્યોથી પૂજન







પ્રથમ દિવસે વચનામૃતને જવ, તલનો અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ કિલો તલ અને ૧૦૦ કિલો જવનો અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં જવ-તલનો ૯ ફૂટના બે વચનામૃતનો હાર પહેરાવવામાં આવ્યા હતા તથા પુષ્પના બે હાર પહેરાવવામાં આવ્યા હતા.

બીજા દિવસે માંગલિક દ્રવ્યોથી અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં ચોખાને અબીલ, ગુલાલ, કંકુ વગેરે માંગલિક દ્રવ્યોથી મિશ્રિત કરીને વચનામૃતનો અભિષેક કરવામાં આવ્યો હતો અને તે વચનામૃતને ૭ ફૂટના માંગલિક દ્રવ્યના તથા પુષ્પના હાર પહેરાવવામાં આવ્યા હતા..

ત્રીજા દિવસે તુલસીપત્ર વડે અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ ગામોમાંથી અલગ અલગ વાડીઓ તથા ઘરમાંથી તુલસીપત્રનું ચયન કરી ૨૦૦ કિલો તુલસીપત્ર દ્વારા વચનામૃતનો અભિષેક કરવામાં આવ્યો હતો. તથા ૭ ફૂટના તુલસીપત્રના ૨ હાર તથા પુષ્પના બે હાર પહેરાવવામાં આવ્યા હતા.

ચોથા દિવસે પુષ્પ દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦ કિલો પુષ્પોથી અભિષેક કરવામાં આવ્યો હતો અને તેમાં ૫૦ કિલો ગુલાબની પાંખડી તથા ૫૦ કિલો હજારી તથા ૫૦ કિલો કેસરી હજારીના (પીળા) પુષ્પોની પાંખડી દ્વારા અભિષેકત કરવામાં આવ્યો હતો. તથા ૨ પુષ્પોના ૭ ફુટના હાર પહેરાવવામાં આવ્યો હતો.

પાંચમા દિવસે રત્ન અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં અલગ-અલગ નાના-મોટા મોતીઓ વડે અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં બે નવ ફૂટના મોતીના હાર પહેરાવવામાં આવ્યા હતા.

છઠ્ઠા દિવસે ડ્રાયફ્રુટથી અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં કાજુ, બદામ, કાળી દ્રાક્ષ, અંજીર, અખરોટ, જલદાળુ, પીસ્તા વગેરે અલગ-અલગ મેવા દ્વારા ૨૫૦૦ કિલોથી વચનામૃતનો અભિષેક કરવામાં આવ્યો હતો અને અંતે ૨૭૩ ફુટનો ડ્રાયફ્રુટનો હાર પહેરાવવામાં આવ્યો હતો.


- દરેક દિવસે અભિષેક બાદ દરરોજ આરતી ઉતારવામાં આવી હતી અને વચનામૃત સંગ્રહકર્તા નંદ ૫ સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું.














વડતાલ




ગઢડા
સારંગપુર
કારીયાણી
લોયા
પંચાળા
વડતાલ





















# ૨૭૩ ફુટ સુકા મેવાનો હાર





૨૭૩ વચનામૃત છે, આ સંખ્યાનુસાર ૨૭૩ ફૂટનો સૂકામેવાનો  હાર બનાવવામાં આવેલ. અથાગ મહેનત, કાળજીભરી ચીવટ અને સંપૂર્ણ ધીરજ હોય તો જ આવા હારનું નિર્માણ શક્ય છે. કાજુ, પીસ્તા, બદામ, અંજીર, આલુ આદિ સૂકા મેવાને ખૂબ જ ધૈર્ય સાથે કલાત્મક રીતે ગોઠવી આવો કલાત્મક હાર બનાવવાની સૂઝ હોવી જોઈએ. ઠાકોરજીને અર્પણ કરવાના હારમાં એક પણ મણકો (સૂકામેવાનો) ખંડિત ન થવો જોઈએ. આટલો મોટો અને લાંબો અખંડિત હાર ઠાકોરજીને અર્પણ થયો. આ હારના નિર્માણમાં મહેનત, ચીવટ ધીરજ અને કલા સાથે શ્રીજી મહારાજ પ્રત્યેની સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવ જોડાયેલા હતા તેથી આવું અદ્‌ભુત કાર્ય સંપન્ન થયું.







# ભૂમિનો દસ્તાવેજ અર્પણ

મંદિરના કોઠારી શ્રી રામજીભાઈ વેકરીયાએ પરમ પવિત્ર તીર્થધામ નારાયણ સરોવર ખાતે બાર એકર જમીન કે જેની કિંમત એક કરોડને બાર લાખ થાય છે. તે જમીનનો દસ્તોજ ભુજ મંદિરને અર્પણ કર્યો હતો. જેના પર ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા એક વિશ્રાંતિભવન બનાવવામાં આવશે જેમાં ભોજનાલય, ઉતારા, પ્રાર્થના હોલ, જેવી આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે. શ્રી રામજીભાઈ વેકરીયાના દાનની જાહેરાતને સભાએ સહર્ષ વધાવી લીધી હતી. આગામી દિવસોમાં હરિભક્તો માટે બનનારું સંકુલ ખૂબ જ ઉપયોગી થશે.

# વચનામૃત-ધ લર્નિંગ એપ' વચનામૃત એક પરાવાણીની પ્રસ્તુતિ




પ.પૂ.સ.ગુ. મહંત સ્વામીના આશીર્વાદથી વર્તમાન ટેક્નોલોજીના ઉપયોગથી હજારો હરિભક્તોની સુવિધા અને કલ્યાણાર્થે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા 'વચનામૃત - ધ લર્નિંગ એપ' ની પ્રસ્તુતિ આનંદની વાત છે.

આ એપ્લીકેશન અત્યંત વ્યવસ્થિત રીતે બનાવાઈ છે, જેથી તેનો સહજતાથી સરળ રીતે ઉપયોગ થઈ શકે. તમારા ફોન પર જે ડેટા બેક અપ લેવાયો છે તેથી ફોન બદલતી વખતે અથવા એપ્લીકેશન ફરીથી ઈન્સ્ટોલ કરતી વખતે તેને સરળતાથી પુનઃ પ્રાપ્ત કરી શકાશે. આપણે જ્યારે અભ્યાસ-અધ્યયન કરીએ, જે બાબતોનું સંશોધન કરવા માગીએ તેના વિષે નોંધ લખવાની ક્ષમતા ઉમેરી છે.

**અન્ય સુવિધાઓ :**

**શોધ :** કોઈપણ ભાષામાં શબ્દની શોધ કરી શકાશે. શોધેલો શબ્દ વચનામૃતમાં જે જગ્યાએ હશે તે દેખાશે, તેના પર ક્લીક કરવાથી વચનામૃતના મૂળ વાંચન પર લઈ જશે.

**ઓટો બુકમાર્ક :** છેલ્લું વાંચેલું વચનામૃતની નોંધ હોમ પેજ પર આવશે.

**ઓડિયો બુક :** વચનામૃતનું વાંચન અને શ્રવણ એક સાથે થઈ શકશે. જે વચનામૃતનું શ્રવણ થતું હશે તે વચનામૃત સ્ક્રીન પર લખેલું દેખાશે. જેઓ ગુજરાતી શીખી રહ્યા છે કે ઉચ્ચારણમાં અઘરા શબ્દો લાગે છે તેમના માટે આ સુંદર સુવિધા છે. હાલમાં ગુજરાતી, ગુજરાતી લેટીન અને ગુજરાતી ફોનેસ્ટીક મોડમાં ઉપલબ્ધ છે.

- **વાંચન સૂચિ :** મહત્ત્વના વિષય તેમજ અભ્યાસ, વિષય સંશોધન રીડ લીસ્ટમાં ઉમેરી શકાય છે.
- **સભા ચિત્રો :** દરેક વચનામૃતના સભાસ્થળ અને મહારાજશ્રીની શોભા ચિત્રો દ્વારા દર્શાવેલી છે.
- **શેર કરો :** આખું વચનામૃત કે તેનો અંશ ફેસબુક, વોટ્સઅપ, વાઈબર, ઈમેલથી શેર કરી શકાશે.
- **કોપી કરો :** ટેક્સ્ટને સરળતાથી પેસ્ટ કરવા ફકરાઓની કોપી કરાશે.
- **શબ્દકોશ :** મુશ્કેલ શબ્દો પર ક્લિક કરવાથી શબ્દનો પ્રાદેશિક અર્થ શાસ્ત્રોક્ત અને દાર્શનિક વ્યાખ્યા જાણી શકાશે.
- **સ્ક્રીન મોડ :** બે જુદી જુદી ભાષામાં વચનામૃત વાંચી શકાશે.
- **જીવનચરિત્ર :** નોંધપાત્ર વ્યક્તિઓના નામ પર ક્લિક કરવાથી તેનું જીવનચરિત્ર વાંચી શકાશે.
- **સંસ્કૃત શ્લોક :** શ્લોક પર ક્લિક કરવાથી શબ્દોના અર્થ સાથે સ્પષ્ટ વાંચી સાંભળી શકાશે.
- ગુજરાતી, ગુજરાતી લિપિ, ગુજરાતી ફોનેટિક અને અંગ્રેજી એમ ૪ ભાષામાં છે.
- અનુકૂળતાનુસાર ફોન્ટસમાં ફેરફાર કરી શકાશે, તેમજ બે લાઈન વચ્ચે ગોઠવી શકાશે.
- **નેવિગેશન :** પાછલા કે આગલા વચનામૃતમાં જવા માટે મુખ્ય મેનુમાં પાછા જવાની જરૂર નથી.
- સંપૂર્ણ વચનામૃત અથવા ફકરા વિષે નોંધ લખી શકાશે.

એન્ડ્રોઈડ અને એપલ આઈઓએસ પર તેના પ્રકાશનની જાહેરાત જુઓ ફેસબુક પર અમને અનુસરો અથવા અમારી વેબસાઈટ **www.swaminarayan.faith** ની મુલાકાત લો.

## આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રીના સ્વાગત સાથે ધામો ધામથી પધારેલા સંતોનો આવકાર











## મહોત્સવ મુખ્ય યજમાન તથા સહ યજમાનશ્રીઓને પહેરામણી






# મહોત્સવના દાતાશ્રીઓને પહેરામણી






























**પોલીસ - હોમગાર્ડની વ્યવસ્થા સરાહનીય રહી :-** સમગ્ર ઉત્સવ દરમિયાન સભામાં આવતા લાખો ભાવિકોને કોઈ તકલીફ પડી ન હતી. પોથીયાત્રા, શોભાયાત્રામાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં ટ્રાફિક પોલીસ, હોમગાર્ડની સારી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પોલીસ વડા સૌરભ તોલંબિયા તેમજ જિલ્લા ટ્રાફિક, સીટી ટ્રાફિક અને તેમની ટીમનો મંદિર દ્વારા આભાર માનવામાં આવ્યો.

બેટી બચાવો, બેટી પઢાવોનું સૂત્ર સાચા અર્થમાં સાર્થક કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત જે કામગીરી કરવામાં આવે છે. તે કામગીરી વધુ ને વધુ લોકો સુધી પહોંચે તેવા ઉદ્દેશ્ય સાથે વચનામૃતના સભા મંડપ પરિસરમાં જુદા જુદા સ્થળોએ સૂત્રોના બેનરો લગાવવામાં આવ્યા હતા.

**વોટર સપ્લાય અને સફાઈની વ્યવસ્થા બિરદાવાઈ :-** ભુજના હમીરસર તળાવના છતરડી વાળા ભાગમાં વચનામૃત મહોત્સવની સભાની મંજૂરી મળ્યા બાદ અહીંના તળાવમાં થોડું પાણી હતું. તેમજ બાવળના વૃક્ષો હતા. જેને હરિભક્તોની ટીમે દૂર કરવા ભારે જહેમત ઉઠાવી હતી. જેને લેવલ કરાવવા માટે હરિભક્તોની ટીમ આવી પહોંચી હતી અહીં ઉબડખાબડ જગ્યા હતી. જેને લેવલ કરાવવા માટે હરિભક્તોની ટીમ આવી પહોંચી હતી. અને ત્રણ મહિનાની સખત મહેનત બાદ આ જગ્યાની સકલ ફરી ગઈ હતી. જે.સી.બી. ટ્રેક્ટર કામે લગાડવામાં આવ્યા હતા. સમતલ વિશાળ જમીન, ભવ્ય અને અન્ય વ્યવસ્થા માટે તૈયાર થઈ.

હરિભક્તોએ મહેનતથી વિશાળ સભામંડપ ઉભું કર્યું હતું. ત્રણ મહિનાની જહેમત બાદ આ તળાવને સુધારીને, જાણે નંદનવન બન્યું હોય તેવો માહોલ ઉભો કર્યો હતો. સુંદર પ્રવેશદ્વાર જોઈ જાણે ભગવાનની નગરીમાં આવ્યા હોય તેવું દૃશ્યમાન થતું હતું. દેશ વિદેશથી આવતા હરિ ભક્તો પણ પ્રભાવિત થયાં હતા. કોઈપણ જગ્યાએ પાણીની તકલીફ ન પડે તે માટેની અદ્‌ભુત વ્યવસ્થા હતી. વોટર સપ્લાય અને સફાઈ વિભાગમાં શ્રી નરનારાયણ સ્વરૂપદાસજી, શ્રી પૂર્ણસ્વરૂપદાસજી, શ્રી ભક્તિચરણદાસજી, શ્રી સદ્‌ગુણસ્વરૂપદાસજીએ વ્યવસ્થા સંભાળી હતી.

**આયુર્વેદિક ઔષધિ પ્રદર્શનનો લાભ લાખો લોકોએ લીધો :-** લોકો આયુર્વેદિક વનસ્પતિઓનું મહત્ત્વ સારી રીતે સમજે અને તેની ઉપયોગીતા સારી રીતે જાણે તેવા હેતુથી વચનામૃત સભામંડપના ગેટ પાસે એક સ્ટોલ ઊભો કરાયો હતો. આયુર્વેદિક ઔષધી પ્રદર્શનમાં ૧૨૫ વનસ્પતિઓ રાખવામાં આવી હતી. કચ્છ જિલ્લામાં ૩૫૦ થી વધુ વનસ્પતિઓ જોવા મળે છે. જેમાંથી કેટલીક વનસ્પતિ આપણાં ઘરના પરિસરમાં પણ થઈ શકે છે. લોકોને જાગૃત કરવા માટે પત્રિકા આપવામાં આવી હતી. જે હજારો લોકોને અપાઈ હતી. આ ઉપરાંત કેરાલાના વૈદ્યરાજ શ્રી નંદકુમારજી અને શ્રી સંજયભાઈએ દર્દીઓને તપાસીને દવાઓ આપી હતી. તેવું સ્વામી શ્રી સત્યપ્રસાદદાસજીએ જણાવેલ હતું.

**હંમેશા લોકો સાથે ભુજ મંદિર સાંસદ શ્રી વિનોદભાઈ :-** કચ્છ મોરબીના માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે સ્વામિનારાયણ મંદિર ભૂજ હંમશા સરકારને સહકાર અને સહાયરૂપ થઈને સમાજ સાથે રહીને લોક ઉપયોગી કાર્ય કરે છે. આપત્તિકાળમાં પણ ભુજ મંદિર સામે ચાલીને સેવા કાર્યો ઉપાડી લે છે અને સમાજમાં મંદિરની ગરીમા જાળવે છે. અજોડ અને અદ્વિતીય વ્યવસ્થા અને પરફેક્ટ આયોજન આ મંદિરની વિશેષતા રહી છે. આ મંદિર વિશેષતા રહી છે આ મંદિર દ્વારા જે મહેનત થાય છે તેવો પરિશ્રમ અન્ય જગ્યાએ ભાગ્યે જ જોવા મળે. દુષ્કાળ સમયે પણ અબોલ પશુઓની સેવા કરી છે. જે બાબતની સરકારે પણ નોંધ લીધી છે. કુદરત આપત્તિઓમાં હંમેશા લોકો સાથે રહ્યું છે.

**વચનામૃત મહોત્સવનું આયોજન ખૂબ જ સુંદર : માનનીય શ્રી નીમાબેન આચાર્ય :-** ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત વચનામૃત મહોત્સવનું આયોજન ખુબ જ સુંદર છે તેવું ભુજ વિભાગના માનનીય ધારાસભ્ય શ્રી નીમાબેન આચાર્યે જણાવેલ હતું. તેઓએ જણાવેલ હતું કે દેશ વિદેશથી આવતા હરિભક્તો માટે વિશાળ ભોજન વ્યવસ્થા, વિશાળ સભામંડપમાં બેઠક વ્યવસ્થા, કાર્યકર્તાઓની સત્કારતા જોઈને ખૂબ જ આનંદ થયો છે.

**સંસ્કૃતિના દર્શન અહીં થાય છે. અબડાસા ધારાસભ્ય શ્રી :-** અબડાસાના માનનીય ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ જણાવેલ હતું કે આજે મંદિરના સંતોની લાગણી ભાવના ખેંચી લાવે છે. સંતોના આશીર્વાદથી આજે સંસ્કૃતિ ટકેલી છે. ભારતીય સંસ્કૃતિના દર્શન અહીં જોવા મળ્યા છે. હરિ ભક્તો માનવસેવાની પ્રવૃત્તિ હંમેશા કરતા રહે તેવું જણાવેલ હતું.

**સ્વચ્છતામાં કહેવું પડે : ભુજ નગરપતિશ્રી :-** ભુજના નગરપાલિકાના માનનીય પ્રમુખશ્રી લતાબેન સોલંકીએ જણાવેલ હતું કે ભુજ મંદિર કોઈ પણ ઉત્સવ કરે તે લોક ઉપયોગી જ હોય છે. દરેક ઉત્સવમાં સ્વચ્છતા ખાસ જોવા મળે, આજે છતરડી તળાવની મહોત્લસવ પૂર્વે કેવી હાલત, અને આજે કેવું સુંદર તળાવ થઈ ગયું છે. જે મહેનત હરિ ભક્તોની જ છે. લોકો વચનામૃતનં નિયમિત વાંચન કરીને નિયમોને અનુસરે તો જીવન બદલાઈ જશે તેમણે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

**જીવદયા કાર્યમાં મંદિર આગળ : પૂર્વ રાજ્ય મંત્રીશ્રી :-** માનનીય પૂર્વ રાજ્ય મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવેલ હતું કે ભુજ મંદિર કોઈ પણ ઉત્સવ હોય તે હંમેશા ધામ ધૂમપૂર્વક કરે છે. સમાજને ઉપયોગી કરે છે. જીવદયાના કાર્યમાં પણ આગળ રહે છે. ૨૦૦૧ના ભૂકંપ સમયે પણ મંદિરની સેવા અનોખી હતી. જે આજે પણ યાદ છે.

**વિદેશથી હરિભક્તો ઉપસ્થિત રહ્યા :-** મહોત્સવનો લાભ લેવા વિદેશ હરિભક્તો જોડાયા હતા જેમાં લંડન, વુલવીચ, સ્ટેનમોર, નાઈરોબી, તાંઝાનીયા, સિસલ્સ, સીડની, પર્થ, મેલબર્ન, એડેલાઈટ, કાર્ડિફ, ઓલ્ડહામ, કેન્ટન હેરો, વિલ્સડન, કેરુંગોયા, કમ્પાલા, મોરેશિયસ, દારેસલામ, કિસુમુ તથા આરબ કન્ટ્રીથી પધાર્યા હતા.

**ભૂજમાં ધજા, બેનરોએ જમાવ્યું આકર્ષણ :-** શ્રી વચનામૃત જ્ઞાનયજ્ઞ સપ્તાહ પારાયણ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર ઝગમગી ઉઠ્યું હતું. મંદિરની બહાર પણ રોશની અને સુંદર ગેટે આકર્ષણ જમાવ્યું હતું. શહેરના જ્યુબિલી સર્કલ, સહિતના જાહેર સ્થળોએ લગાવેલા બેનરો અને ધજાએ આકર્ષણ જમાવ્યું હતું.

**હરિભક્તો અને સંતોના ઉતારા :-** વિદેશથી આવતા હરિભક્તો માટે ઉતારાની સુચારું વ્યસ્થા કરવામાં આવી હતી.

# મહોત્સવમા પહેરામણીનું વિમોચન




વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ચતુર્થ દિને તા. ૩જી ડિસેમ્બરના રોજ પ્રથમ સત્રમાં વ્યાસાસન ઉપરથી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ વચનામૃત અંતર્ગત ઈર્ષા ઉપર થયેલી પ્રશ્નોત્તરીને સવિસ્તર તેમજ સરળ ઉદાહરણો દ્વારા સમજાવી હતી. વક્તાશ્રીએ પોતાની વાણીને વિસ્તારતાં કહ્યું કે વચનામૃત એ ફક્ત વાંચવાનું નહીં પણ વાંચીને તે મુજબ વર્તવાનું શાસ્ત્ર છે. દેરાણી-જેઠાણીના ઉદાહરણ દ્વારા ઈર્ષાથી ભયંકર મોટું પાપ થાય છે. તે સમજાવ્યું હતું. વસુધૈવ કુટુંબકમ્ ની ભાવનાથી ઈર્ષાને નિવારી શકાય છે.

ભુજ મંદિરે પ્રકાશિત કરેલ પુસ્તક ''બ્રહ્માનંદ કાવ્ય''નું પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ,સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત વગેરે મંડળધારી વડીલ સંતોના વરદ્ હસ્તે વિમોચન કરાયું હતું. આ પુસ્તક હરિભક્તોને ખૂબ જ ઉપયોગી નીવડશે. ખાસ વડતાલથી આવેલા પૂજ્ય સ્વામી સૂર્યપ્રકાશદાસજી તેમજ પૂજ્ય સ્વામી નંદકિશોરદાસજીએ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કર્યા હતાં.

દ્વિતીય સત્રમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાની આપેલી સમજની ઉદાહરણ સહ સરળભાષામાં






## પુસ્તક વિમોચન

વ્યાસપીઠ પરથી સુંદર શૈલીમાં છણાવટ કરી હતી. સેવા ઉત્તમ ધર્મ છે. સેવાથી પાપ ભસ્મ થાય છે. સેવામાં વિઘ્નો પણ ઘણા આવે છે. સેવા સાથે સાથે ભક્તિ પણ અતિ જરૂરી છે. ભક્તિ વિના સેવા પણ અધૂરી છે. આજના મહોત્સવ પ્રસંગે ખાસ વડતાલ, જુનાગઢ, ગઢડા, જેતપુર વગેરે ધામોમાંથી પધારેલા સંતોએ પોતાના વક્તવ્યમાં ભુજ મંદિરના સંતો અને હરિભક્તોની અનન્ય સેવાપરાયણતાના ભારોભાર વખાણ કર્યા હતા. ગઢડાના પૂજનીય સંતે જણાવ્યું કે વિચારો અને સિદ્ધાંતોથી ભુજ મંદિર અને ગઢડા મંદિર દોઢસો વર્ષોથી સંકળાયેલા છે. સત્સંગસભામાં ભુજ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી લતાબેન સોલંકી અને કારોબારી ચેરમેન આદરણીય શ્રી ભરતભાઈ રાણા ઉપસ્થિત રહ્યા હતા.











# મહોત્સવના સાતમા દિને ૧૦ હજાર ભાવિકોએ એક સાથે કરી મહા આરતી

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિના દિવસે વ્યાસાસનેથી શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી એ પોતાની અમૃતવાણી વહાવતાં અન્વય અને વ્યતિરેક વિષય પર ભગવાન શ્રી સ્વામિનારાયણને પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જે જવાબ આપેલો તે અતિ સરળ ભાષામાં તલ્લીનતાથી સાંભળી રહેલા શ્રોતાજનોને પીરસ્યો હતો. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ માટે એકાત્મપણે વર્તન કરવું એ જીવનું અન્વયપણું છે અને દેહથી પૃથકપણે સત્તા માત્ર જે કહેવાય તે જીવનું વ્યતિરેકપણું. ભગવત સુખ પ્રાપ્તિનો માર્ગ બ્રહ્માનંદનો અને સંસારના સુખ પામવાનો માર્ગ વિષયાનંદનો છે. બ્રહ્માનંદનો માર્ગ ભલે કઠિન હોય પણ મોક્ષનો માર્ગ છે જ્યારે વિષયાનંદનો માર્ગ ગ્રહણ કરવાથી જન્મમરણના ફેરા કરવા પડે છે. સભા સંચાલક તરીકે પોતાની વાણીથી તેમજ શૈલીથી હરિભક્તોમાં અતિપ્રિય એવા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંચાલન કરતાં જણાવ્યું કે પોથીયાત્રાથી ગણીએ તો આજે આઠમો અંતિમદિવસ છે. આ આઠ આઠ દિવસથી બંને સત્રોમાં સભા ભરચક રહી એનું એકમાત્ર કારણ છે કે આપણે સૌ એકસૂત્રથી જોડાયેલા છીએ. એક મંત્ર એક ઈષ્ટદેવ, એક શાસ્ત્ર આપણને જોડી રાખે છે. લંડન મંદિર દ્વારા અંગ્રેજીમાં તૈયાર થયેલા વચનામૃતગ્રંથનું વરિષ્ઠસંતોના કરકમળો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

યુગાન્ડાથી આવેલા હરિભક્તશ્રી વિશ્રામભાઈએ પ્રસંગ સંબંધી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કોઠારી સ્વામી શ્રી દેવપ્રકાશદાસજીએ મહોત્સવ દરમિયાન થયેલા રક્તદાન કેમ્પમાં ૮૦૦ થી પણ વધુ રક્તની બોટલ એકત્ર થઈ હતી. તેની માહિતી આપી હતી. તેમજ જણાવ્યું હતું કે નૂતન આયુર્વેદિક ઔષધાલયનું ઉદ્‌ઘાટન મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના વરદહસ્તે થયું છે. આ મહોત્સવમાં પૂર્ણ સાથ સહકાર આપવા બદલ કચ્છ પોલીસ, જિલ્લા કલેક્ટર, નગરપાલિકા અને તમામ સાથ સહકાર આપનાર સરકારી કચેરીઓ અધિકારીશ્રીઓનો શ્રી સ્વામિનારાયણ મંદિર વતી હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

દ્વિશતાબ્દી મહોત્સવના આ અંતિમ દિને ૧૦ હજાર જેટલા નાના મોટા સૌ સંતો હરિભક્તોએ હાથમાં દિવેટ લઈને ઠાકોરજીની મહાઆરતીથી વાતાવરણ દિવ્યાતિદિવ્ય અને ભક્તિમય બની ગયું હતું.







# ભોજનાલય

મહોત્સવ દરમિયાન કથા શ્રવણ કરવા આવેલા હરિભક્તોએ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરરોજનું અલગ અલગ મેનું બનાવીને ભાવિક ભક્તોને પ્રસાદનો લાભ લઈ રહ્યા હતા.













# શેરડીનો રસ

મહોત્સવ દરમિયાન કથા શ્રવણ કરવા આવેલા હરિભક્તોની ક્ષુધા તૃપ્તિ અર્થે શેરડીના રસની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સભામંડપની બાજુમાં જ શેરડીના રસનો સ્ટોલ ઊભો કરાયો હતો, જેમાં સ્વયંસેવકો ખડે પગે સેવારત હતા. આદુ, લીંબુ મિશ્રિત મીઠો મધુરો શેરડીનો રસ વિનામૂલ્યે હરિભક્તોને પ્રેમભાવ સાથે પીવડાવવામાં આવતો હતો. કથા શ્રવણ કરતા ભક્તોને તેમના સ્થાને જઈને શેરડીનો રસ પીવડાવવાની સેવા સ્વયંસેવકોએ હોંશે હોંશે સંભાળી હતી.







# ૫૦૦૦ કિલોથી વધુ ફૂલોનો ઉપયોગ

આ અદ્વિતીય મહા મહોત્સવ દરમિયાન સાતે સાત દિવસ સૌરભ વેરતા ફૂલો ગુજરાત તેમજ રાજ્ય બહારથી મંગાવાતા હતા. (અમદાવાદ, જયપુરથી) ઉત્સવ દરમિયાન હજારી, ગુલાબ તેમજ વિવિધ સુગંધી ફૂલોનો ઉપયોગ થયો હતો. મંદિરમાં ઠાકોરજીના શણગાર ઉપરાંત દેશ-વિદેશના દાતાઓને પહેરામણી માટેના હાર, પોથીયાત્રા, ઠાકોરજીના પૂજન, સભામંડપ ગેટ પૂજન, શોભાયાત્રા વગેરેમાં વપરાતા હાર જેવા ફૂલો આવી જાય કે તરત જ પ.પૂ. સંતો, સાંખ્યયોગી બહેનો, હરિભક્ત ભાઈ-બહેનો ત્વરિત હાર પરોવવામાં અવિરત લાગી જતા. દરરોજ પહેરામણીમાં અંદાજિત ૩૦૦૦થી વધુ હાર વપરાયા હતા.









# લાઈટ ડેકોરેશન

ઉત્સવની શરૂઆત થાય તે પહેલાં જ ભુજ મંદિરે વિશેષ શણગાર સજી લીધા હતા. તેમાંય રાત્રીના સમયે તો મંદિરની શોભા અવર્ણનીય થઈ જતી. મંદિરના ખૂણેખૂણાને આવરી લઈને જુદા જુદા પ્રકારની, જુદા જુદા આકારની, જુદા જુદા રંગની સીરીઝની વણઝાર જોવા મળી હતી. સીરીઝની રોશની ઉપરાંત કલાત્મક ડિઝાઈનોના બોર્ડ, ફલડ લાઈટ્સની ગોઠવણી અને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી મંદિર દીપી ઉઠ્યું હતું. મંદિરની શોભા અને સુંદરતામાં અનેકગણી વૃદ્ધિ થઈ. ભુજ શહેરના નગરવાસીઓ અને સમગ્ર કચ્છમાંથી હરિભક્તો આ અનેરા શણગારનો નજારો માણવા હજારોની સંખ્યામાં આવી જતા. ઠાકોરજીની આરતીમાં માનવમહેરામણ ઉમટી પડતો. લોકો આ રોશનીના શણગારની પ્રશંસા કરતાં થાકતા નહોતા. માત્ર મંદિર જ નહીં, મંદિરની બહાર પણ કમાનો બનાવી દૂર સુધી લાઈટ ડેકોરેશન કરવામાં આવ્યું હતું. જાહેરમાર્ગો પ્રકાશમાન બની ગયા હતા.













# ભુજ મંદિર સંચાલિત ઔષધાલયનું આધુનિકીકરણ




શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ લોકોના આરોગ્ય પ્રત્યે ખૂબ જ સચેત છે. આરોગ્યની વાત આવે તો અગ્રીમ હરોળમાં રહ્યું છે. ભુજ મંદિર દ્વારા વર્ષોથી આયુર્વેદિક દવાખાનું ચાલે છે. તેમાં અત્યાધુનિક સુવિધાઓમાં વધારો કરતાં યશ કલગીમાં મોરપીંછ ઉમેરાયું છે. દર વર્ષે મેગા મેડિકલ કેમ્પમાં હજારો દર્દીઓને સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. ઓપરેશન પણ નિઃશુલ્ક કરી આપવામાં આવેલ છે.











# ભગવાનને સોનાનો કાંઠો અર્પણ કરાયો

વચનામૃત સપ્તાહ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં સાડા સાત લાખની કિંમતનો ગળામાં પહેરવાનો સોનાનો કાંઠલો યજમાન પરિવાર દ્વારા અર્પણ કરાયો હતો.

આ કાંઠાના યજમાન કચ્છના ફોટડી ગામના શ્રી વિશ્રામભાઈ ભુડિયા રહ્યા હતા.

આ પ્રસંગે પૂ. મહંત સ્વામી શ્રી ધર્મનંદન દાસજીએ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. તમામ હરિભક્તોની ભગવાન પ્રત્યેની અસીમ ભાવનાને બિરદાવી હતી. સૌ પર ઠાકોરજીની કૃપા વરસતી રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. સંતોએ પણ આશીર્વચન પાઠવ્યા હતા.



# જીવંત પ્રસારણ લાખો લોકોએ નિહાળ્યું



વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના તમામ પ્રસંગોમાં જે લોકો હાજરી આપી ન શકે તેવા તમામ દેશ-વિદેશના હરિભક્તોના લાભાર્થે ઉત્સવનું જીવંત પ્રસારણે ભુજ મંદિર,માતૃછાયા કેબલ નેટવર્ક ગર્વ શ્રી સ્વામિનારાયણ સાઈટ દ્વારા કરવામાં આવ્યું. જે પ્રસારણને લાખો લોકોએ નિહાળ્યું હતું. દરરોજ સવારે - બપોરે કથા સમયે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું જીવંત પ્રસારણ સુંદર રીતે કરવામાં આવતું હતું.

# સાઇકલયાત્રા







ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉત્તરપ્રદેશમાં અયોધ્યા નજીક છપૈયા ગામે મનુષ્યરૂપે પ્રગટ થઈ ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી સમગ્ર ભારતનું નિલકંઠવર્ણી સ્વરૂપે પગપાળા વિચરણ કરી ગુજરાતના લોજ ગામે શ્રી રામાનંદ સ્વામીના આશ્રમમાં પોતાના વનવિચરણની સમાપ્તિ કરી. પીપલાણામાં ગુરુ રામાનંદ સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી સહજાનંદ સ્વામી તેમજ નારાયણમુનિ નામ ધારણ કર્યું. ફક્ત ૨૧ વર્ષની ઉંમરે જેતપુરમાં તેમના ગુરુ સ્વામી રામાનંદે તેમને સંપ્રદાયની ધર્મધુરા સોંપી.

વચનામૃત તેમની દિવ્યવાણીનો ગ્રંથ છે. વચનામૃત એટલે વચનરૂપી ગ્રંથ - વચનરૂપી અમૃત. અમૃતથી જેમ અમરત્વ પ્રાપ્ત થાય છે તેમ ભગવાનની વાણી જન્મમરણના ફેરામાંથી મુક્તિ અપાવે છે. શાશ્વત સુખ આપનારી છે. આ ગ્રંથ મહદ્અંશે પ્રશ્નોત્તરી શૈલીનો ગ્રંથ છે. ભગવાનના ઉપદેશવચનોમાંથી ૨૭૩ ઉપદેશ વચનોનો આ ગ્રંથમાં સમાવેશ છે. તેમાં સ્થળ પ્રમાણે વિભાગીકરણ છે.



શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ભુજ દ્વારા આયોજિત સાઇકલયાત્રા પૂર્વે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ વિજયધ્વજ તા. ૨૩ નવેમ્બર ૨૦૧૯ના તીર્થધામ ભુજ મધ્યે આરોપણ કરવામાં આવ્યો. ભુજથી સવારે દેવદર્શન કરી પૂ. મહંતસ્વામીના તેમજ સંતોના આશીર્વાદ મેળવી ૨૫ સાઇકલ સવાર અને માર્ગદર્શક સંતો અમદાવાદ પહોંચ્યા અને રાત્રી રોકાણ કર્યું. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ મંદિર નરનારાયણદેવ ગાદીના મુખ્ય મથક કે જ્યાં આઠ વચનામૃત કહેવાયેલા છે. તેના દર્શન કરી સવારે વચનામૃત વાંચન પછી મહંત સ્વામીના આશીર્વાદ લઈ સાઇકલયાત્રાએ જ્યાં એક વચનામૃત છે એવા અશ્લાલી ગામે પ્રયાણ કર્યું. ત્યાં દર્શન વાચન બાદ જેતલપુર મંદિરે દર્શન કર્યા. નાસ્તો કર્યો. અક્ષરવાડી મધ્યે પાંચ વચનામૃતનું બોરસલીની છાયામાં વાંચન કર્યું ત્યાંથી પ્રયાણ કરી મધ્યાને ભક્તરાજ જોબનપગીના ગામ ડભાણ મંદિરે પહોંચ્યા. જ્યાં ભોજન પ્રસાદ ગ્રહણ કરી આરામ લીધો. આગળ વધતાં દક્ષિણ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના મુખ્ય મથક વડતાલ પહોંચી સંતો અને સાઇકલ વીરોએ ગોમતી સરોવરમાં સ્નાન બાદ વડતાલના વીસ વચનામૃતનું વાચન કર્યું. સંધ્યા આરતી બાદ ભોજન પ્રસાદ લઈ રાત્રી રોકાણ કર્યું. ત્યાંથી ધોલેરા તરફ વહેલી સવારે પ્રયાણ કર્યું. ત્યાંથી આગળને આગળ વેળાવદર, ગઢપુર કે જ્યાં ૧૮૪ વચનામૃતનું વાચન મનન કર્યું. અક્ષર ઓરડીના દર્શન કરી કૃતાર્થ થયા. આગળ સારંગપુર, લોયા, મુળી તેમજ પરત આવતાં ભચાઉ, ધાણુંટી થઈ ભુજ મધ્યે વિરામ લીધો. આ સાઇકલ યાત્રા પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્યાં જ્યાં વચનામૃતનું પાન કરાવ્યું છે તે તમામે તમામ સ્થળોના દર્શનથી પાવન થઈ. સાઇકલ યાત્રાનો શ્રી વચનામૃતમ્ પોથી યાત્રામાં વિલય થયો જે પ્રસાદીભૂત હમીરસરના સભામંડપમાં પહોંચી અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો શુભારંભ થયો.




આમ મહારાજની મરજી, મહંત સ્વામી શ્રી અને વડીલસંતોના આશીર્વાદ તેમજ ભુજ શ્રી નરનારાયણદેવ ઠાકોરની સાથે સંતોના માર્ગદર્શન અને સેવારથ દ્વારા સૌના સહકારથી છ દિવસની ૯૫૦ કિ.મી. અંતરની ઐતિહાસિક સાઇકલયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ.








PATEL



## ઠાકોરજીનો પંચામૃતથી મહા અભિષેક કરાયો



શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન ગુરુવારના સવારના ૬:૩૦ કલાકે સંતો તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે પંચામૃત અભિષેક કરવામાં આવેલ. અભિષેકની સામગ્રી સાથે ૨૦૦૦ લિટર દૂધ, ૧૦૦૦ કિલો ખાંડ, ૧૦૦૦ લિટર દહીંનો ઉપયોગ કરવામાં આવેલ.

શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ ને શ્રી રાધાકૃષ્ણદેવનો અભિષેક કરાયો હતો. આ અભિષેકનાં દર્શન કરવા બહોળી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

પૂજ્ય મહંત સ્વામી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે અન્નકુટ દર્શન ખુલ્લા મુકાયા હતાં.

અન્નકુટમાં ૫૬ પ્રકારના મહાભોગ બનાવવામાં સંતોનું અમૂલ્ય માર્ગદર્શન રહ્યું હતું.

તદુપરાંત સાં.યો. મહંત સામબાઈ ફઈના માર્ગદર્શન હેઠળ ભુજ, મિરજાપર, માધાપર, મદનપુર, સુખપર, નારાયણનગરની બહેનોની સેવા ઉમદા રહી હતી.















## મહોત્સવમાં અદ્‌ભુત શોભાયાત્રા



શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ભાગરૂપે ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ લાલન કૉલેજથી સંતો દ્વારા કરાવવામાં આવેલ. આ શોભાયાત્રાનો માર્ગ કલેક્ટર કચેરી, બહુમાળી ભવન, આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર, મ્યુઝિયમ, હમીરસર તળાવ થઈને વચનામૃત સભામંડપ પહોંચી હતી.

આ શોભાયાત્રામાં  રથ પર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ બિરાજમાન હતા. જેઓ તેમની અમીદૃષ્ટિથી સૌને આશીર્વાદ આપતા હતા. તેમની સાથે પ.પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગત તથા અન્ય વડીલ સંતો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના વિવિધ સ્વરૂપોના દર્શન તથા હરિના નાદથી ભક્તિરસ સાથે સૌ ધન્યતા અનુભવી રહ્યા હતા.



આ શોભાયાત્રામાં સૌ પ્રથમ બાઈક પર સવાર યુવાનો ધજા સાથે જોડાયા હતા. ત્યારબાદ ભુજ ચોવીસીના જુદા જુદા ગામમાંથી આવેલ વાજિંત્ર મંડળીઓ જોડાઈ હતી. મંડળીઓ માધાપર, મિરજાપર, કેરા, સુખપર, સામત્રા, માનકુવા, ભારાસર, નારણપર, મેઘપર વગેરે જુદા જુદા ગામોમાંથી આવેલ હતી. વાજિંત્ર મંડળીઓ સાથે સંતો પણ જોડાઈને ભક્તિરસ માણ્યો હતો. વાજતે ગાજતે બેન્ડ પાર્ટીઓની સુરાવલિ સાથે આ શોભાયાત્રા આકર્ષણરૂપ બની હતી.

આ શોભાયાત્રામાં શ્રી સ્વામિનારાયણ કન્યા મંદિરની વિદ્યાર્થિનીઓ બેન્ડ પાર્ટીના સથવારે શિસ્તબદ્ધ રીતે જોડાયેલી હતી. તદુપરાંત 'બેટી બચાવો' બેટી પઢાઓના વિવિધ બેનરો પણ લગાવેલા હતા. આ શોભાયાત્રામાં દેશ-વિદેશથી પધારેલા હજારો







હરિભક્તો જોડાયા હતા. જેનાથી ભુજ શહેર ભક્તિના રંગે રંગાયું હતું. શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ યાત્રામાં રહેલા ફ્લોટ્સ હોય છે. આ વર્ષે પણ સુંદર અને કલાત્મક રીતે તૈયાર થયેલા ફ્લોટ્સે રંગ રાખ્યો હતો. માધાપરના હરિભક્તોએ વચનામૃત આકારના વાહનને શણગારેલ. બળદીયાના હરિભક્તોએ રાષ્ટ્રીય પક્ષી મોરની કલાકૃતિ પ્રસ્તુત કરી હતી (મોરના ફ્લોટ્સમાં બિરાજમાન આચાર્ય મહારાજશ્રી) દર્શન આપતા હતા. કેરાના હરિભક્તોએ હંસ અને ભક્તિનગરના હરિભક્તોએ ચકલી તેમજ રાપરના હરિભક્તોએ માછલીના ફ્લોટસ સાથે યાત્રાને શણગારી હતી. કોડકીના હરિભક્તોએ પ્લાસ્ટીક અભિયાન અંતર્ગત પ્લાસ્ટીકના ઉપયોગથી થતા નુકસાનને દર્શાવેલ. દહીંસરાના હરિભક્તોએ બેનર સાથે વચનામૃત સભાના દર્શન કરાવ્યાં જ્યારે નારણપરના હરિભક્તોએ કાપડનો ઉપયોગ કરી શૃંગારનું સર્જન કરે. આમ આ શોભાયાત્રામાં જુદા જુદા ૧૭ ફ્લોટ્સ જોડાયેલા હતા. જે ફ્લોટ્સ બનાવવામાં હરિભક્તોનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. હરિભક્તોની મહિનાઓ સુધીની અથાક મહેનતથી આ ફ્લોટ્સ તૈયાર કરવામાં આવેલ. શોભાયાત્રામાં ગામે ગામના હરિભક્તો તથા અસંખ્ય સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

"પ્લાસ્ટીક હટાવો પશુઓને બચાવો" શીર્ષક હેઠળના બેનરો લગાવેલા હતા. શોભાયાત્રામાં કપડાંની થેલીઓનું વિતરણ કરવામાં આવેલ.

- માધાપરના હરિભક્તોએ વચનામૃત આકારનું વાહન બનાવેલા.
- બળદીયાના હરિભક્તોએ મોર બનાવેલ.
- કોડકીના હરિભક્તોએ પ્લાસ્ટીક અભિયાન.
- દહિંસરાના હરિભક્તોએ - વચનામૃત સભા - બેનરવાળુ.
- કેરાના હરિભક્તોએ - હંસ.
- નારણપરના હરિભક્તઓ - કાપડથી શૃંગાર કરેલ.
- ભક્તિનગરના હરિભક્તોએ - ચકલી.
- રામપરના હરિભક્તોએ - માછલી.
- બે ભુજના વાહન કોકશીટમાંથી.















































# ભુજ મંદિર સંચાલિત ગુરુકુળો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## રાત્રિ કાર્યક્રમો દ્વારા કલા પ્રદર્શન

ભુજ મંદિર દ્વારા જ્યારે જ્યારે મોટા સમૈયાનું આયોજન થતું હોય છે ત્યારે ત્યારે કલાને પોષવા અનેક કાર્યક્રમોની રજૂઆત દ્વારા સાંપ્રદાયિક વિચારધારાને વહેતી મુકવામાં આવે છે.

મહોત્સવ દરમિયાન તા. ૦૨-૧૨-૨૦૧૯ના રાતે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત ગુરુકુળોના વિદ્યાર્થીઓ દ્વારા અત્યંત સુંદર મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવેલ. ગુરુકુળના વિદ્યાર્થીઓએ પ્રસંગને અનરૂપ વચનામૃત આચમન નાટક દ્વારા વચનામૃતના ઉપદેશોની છણાવટની સાથે ધર્મમાં રહેવાની શીખ સાથે શ્રી નરનારાયણદેવનું મહાત્મ્ય સમજાવવાનો સચોટ પ્રયત્ન કર્યો હતો. માનકુવા ગુરુકુળના વિદ્યાર્થીઓ ભગવાનમાં શ્રદ્ધા અને આસ્થા રાખતા સહજાનંદી સિંહ જેવા થવાની વાત નાટક દ્વારા રજૂ કરી હતી. રામપર ગુરુકુળ દ્વારા વચનામૃત મહોત્સવ સાથે દેશભક્તિની ઝાંખી કરાવી હતી. માંડવી સંસ્કાર ધામના છાત્રોએ તલવારબાજીના કરતબો રજૂ કરી સૌને અચંબિત કર્યા હતા. વિદ્યાર્થી ભુવન ભુજના ભૂલકાઓએ નયનરમ્ય નૃત્ય સાથે સુંદર કીર્તન રજૂ કર્યું હતું. સમાજોપયોગી અને ધાર્મિક નાટકો, અંગ કસરતના દાવ, તલવારબાજી, નૃત્યો, કીર્તનોએ અદ્‌ભુત માહોલ જમાવ્યો હતો અને હરિભક્ત શ્રોતાઓએ તાળીઓ દ્વારા કલાકારવૃંદને પ્રોત્સાહિત કર્યા હતા.

તા. ૩-૧૨-૨૦૧૯ના યોજાએલ ભજન સંધ્યામાં સંતોએ કીર્તનની રમઝટ બોલાવી હતી. હરિભક્તિના સુંદર એક એકથી ચડિયાતા પ્રચલિત, અલ્પ પ્રચલિત અને નવાં ભજનો શ્રોતાગણે મન મૂકીને સાંભળ્યા હતા. સંગીતના વિવિધ વાદ્યોના સથવારે સંતોએ સુમધુર સૂરાવલિ તથા સંપૂર્ણ સૂરતાલ સાથે અત્યંત કર્ણપ્રિય કંઠે લયબધ્ધ રીતે રજૂ કરેલા કીર્તનોએ શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

































## ઉત્સવમાં રાસોત્સવે સર્જ્યો ઇતિહાસ - વર્લ્ડ રેકોર્ડ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના સમૈયા દરેક વખતે કંઈકને કંઈક નવું કરી સમૈયાની અમીટ છાપ છોડતા જાય છે. આ વખતે શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરીને નવો ઈતિહાસ રચ્યો છે.

તા. ૦૫-૦૯-૨૦૧૯ની રાત્રે શ્રી વચનામૃત સભામંડપ સમીપે વિશાળ પટાંગણમાં ભવ્યાતિભવ્ય રાસોત્સવનું આયોજન કરાયું હતું. સતત એક માસ સુધી પ્રેક્ટિસ કરીને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળોના ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ બંને હાથમાં જ્વલંત ૨૨૦૦૦ દીવડાઓ લઈને સંગીતના સથવારે અદ્‌ભુત અને અભૂતપૂર્વ રાસ રમીને એક ઈતિહાસ સર્જી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરી મંદિરની ગરિમામાં અભિવૃધ્ધિ કરી છે. સતત ૩૦ મિનિટ કરતાં ય વધુ સમય સુધી હાથમાં જ્વલંત દીવડાઓએ પચીસ હજાર જેટલા ઉપસ્થિત દૃષ્ટા હરિભક્તોને અવિસ્મરણીય પ્રસંગ માણવાનો મોકો આપ્યો હતો. લય, તાલ, ભાવાભિવ્યક્તિ, હલન-ચલન અને સુમધુર સંગીતની સુરાવલિ સાથે થનગનતા ચરણોએ અદ્‌ભુત નજારો ખડો કરી દીધો હતો.

વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિ શ્રી મિલનભાઈ સોની આ અવસરે ખાસ ઉપસ્થિત હતા. પ્રશંસા અને પ્રસન્નતાના ભાવ સાથે તેમણે ભુજ મંદિરના મહંત સ્વામીને વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. મહંત સ્વામી અને પાર્ષદ જાદવજી ભગતે પ્રતીક સ્વરૂપે પાંચ પાંચ ખેલૈયા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. બાકીના વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર અપાયાં હતાં.

પ્રસંગને ગૌરવવંતુ બનાવનાર આ ભવ્ય-દિવ્ય દીપરાસની તૈયારી શ્રી ચિન્મયભાઈ ભટ્ટ અને શ્રી જયેશભાઈ આહીરે કરાવી હતી અને અભિનંદનના અધિકારી બન્યા હતા.

આ મહાન રાસોત્સવમાં હરિભક્તો અને સંતો પણ જોડાયા હતા અને મન મૂકી રાસ રમ્યા હતા. બહેનોના વિભાગમાં ગૃહસ્થ બહેનો સાથે સાં.યો.બહેનોએ રાસ રમીને આનંદ માણ્યો હતો.


















દીપ મહા રાસોત્સવ


WORLD RECORD


WORLD RECORDS



## વચનામૃત સભામંડપ વ્યવસ્થા

આ ભવ્ય મહોત્સવ માટે તૈયાર કરવામાં આવેલ વચનામૃત સભામંડપ ખૂબ જ સુંદર બેનમૂન આકર્ષણના કેન્દ્ર સમાન હતો. દશ હજાર હરિભક્તો કથા પારાયણનો લાભ લઈ શકે તેવો વિશાળ સભામંડપ તૈયાર કરવામાં આવેલ.

સ્ટેજના પાછળના ભાગમાં આબેહૂબ દાદા ખાચરનો દરબાર ઊભો કરવામાં આવેલ હતો. આ દરબારમાં સાક્ષાત્ ભગવાનની પધરામણી થઈ હોય તેવું દશ્ય ખડું થતું હતું.

સભામંડપના સ્ટેજ પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વક્તાશ્રી માટે વ્યાસપીઠ, સંહિતાપાઠી સંતો માટે આસન, સંતો માટે અલગ બેઠક વ્યવસ્થા, પધારેલા મહાનુભાવો માટેની બેઠક વ્યવસ્થા, પત્રકારો માટે અલાયદી બેઠક વ્યવસ્થા, સાંખ્યયોગી બહેનો માટે પણ અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.



સભામંડપમાં વરસાદનું એક પણ ટીપું ન પડે તે માટે વોટર પ્રુફ બનાવવામાં આવેલ સમગ્ર પરિસરમાં સુંદર ફુવારા ગોઠવાયા હતા. સભામંડપમાં રેડ કાર્પેટ પાથરવામાં આવી હતી. કથા પારાયણમાં આવતા હરિભક્તોને કોઈ પણ જાતની તકલીફ ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ ખડે પગે રહી હતી.



# ભુજ મંદિરની સેવાકીય પ્રવૃત્તિ

ભુજ મંદિરના મુખ્ય કોઠારી શ્રી રામજીભાઈ વેકરીયાએ ભુજ મંદિરની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે જણાવેલ કે શિક્ષણ, આરોગ્ય, કુદરતી આફતો, દુષ્કાળ, વાવાઝોડા, અતિવૃષ્ટિ વખતે લોકોની પડખે રહી મંદિર લોક સેવા કરે છે.

દુષ્કાળ વખતે ઘાસચારાની તંગી હતી. અબોલ પશુઓ માટે ઘાસચારો મળી રહે તે માટે મંદિર વહારે આવ્યું હતું. નાતજાતના ભેદભાવ વગર કોઈપણ માલધારી આવે ત્યારે તેને ઘાસચારો પૂરો પડાતો હતો. ભુજ મંદિરે અબોલ પશુઓ માટે ત્રણ કરોડ આપ્યા હતા. ભુજ મંદિર સામાજિક જવાબદારીને પણ ભગવાનની સેવા માને છે. કોઈ પણ સંકટ સમયે ભુજ મંદિર હંમેશાં મદદરૂપ રહે છે.

વચનામૃત મહોત્સવમાં નાનામાં નાના કાર્યકરે ઉમદા સેવા કરેલ છે. તમામ હરિભક્તોની સેવાને બિરદાવી દરેક કાર્યમાં સહભાગી બને અને લોકોપયોગી કાર્ય હંમેશાં કરતા રહે તેવો અનુરોધ કરેલ.

ભેડિયાબેટ ખાતે હનુમાનજીનું મંદિર રાષ્ટ્રને અર્પણ કરી રાષ્ટ્રીય સેવા પણ મંદિરે કરેલ છે. આવી ઉમદા સેવા તમામ હરિભક્તો કરતા રહી સંતોનો રાજીપો અને ભગવાનની કૃપાદૃષ્ટિ મેળવતા રહે તેવી શુભભાવના.

ઉપકોઠારી શ્રી મુરજીભાઈ શિયાણીએ મંદિરની પ્રવૃત્તિઓ અંગે પ્રતિભાવો આપતાં જણાવેલ કે સેવાકીય તમામ કાર્યોમાં મંદિર અગ્રેસર રહેલ છે. મંદિરનો વહીવટ પારદર્શક છે. સરકારના નિયમોનું ચૂસ્ત રીતે પાલન કરે છે. ભુજ મંદિર દ્વારા ૮ ગુરુકુળો કચ્છમાં ચલાવવામાં આવે છે. ભુજ અને પિયાવા (માંડવી)માં કન્યા છાત્રાલયો સાથેના વિદ્યાલયો ચાલે છે. જ્યાં અંગ્રેજી, ગુજરાતી મિડિયમમાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ આપવામાં આવે છે. હરિભક્તોના દાનનો  સદુપયોગ થાય તે પ્રકારના આયોજન કરવામાં આવે છે. હરિભક્તો દાનની સરવાણી વહેડાવતા રહી સંતોનો રાજીપો પ્રાપ્ત કરે અને ભગવાનની અમી દૃષ્ટિના કૃપાપાત્ર બને તેવી શુભ ભાવના.









## આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ



શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીએ ઉપસ્થિત રહી તમામ હરિભક્તોને આશીર્વચન આપતાં જણાવેલ કે વાંચવા માટે વાંચો તો વચનામૃત સરળ છે પણ મનન કરો તો ગહન છે.

પારાયણમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને જોઈને આનંદ વ્યક્ત કરતાં જણાવેલ કે સરવાળે આપણે સૌ એક જ છીએ. આ મહોત્સવને સફળ બનાવવા માટે નાના બાળકો પણ સહભાગી છે તેને આપણે ભૂલવા ન જોઈએ. તેઓ આપણી મૂડી છે. ધરોહર છે. નાના મોટા સૌ હરિભક્તોનું યોગદાન છે. માત્ર ધનથી જ નહીં પરંતુ અહીં ઉપસ્થિત રહી સમયનું પણ યોગદાન આપેલ છે.

વચનામૃત એ ભગવાનની વાણી સ્વરૂપ છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણને આ અમૂલ્ય વારસો સાંપડેલ છે. આવતી નવી પેઢીને તે વારસો સુપ્રત કરવાની આપણી સૌની જવાબદારી છે. જો દિવસમાં એક વખત વચનામૃતની એક પંક્તિનું વાંચન કરી મનન કરશો તો આ મહોત્સવ સાર્થક ગણાશે. પૂ. આચાર્ય મહારાજે આ પ્રસંગે આ ભવ્ય મહોત્સવની સંપૂર્ણ વ્યવસ્થાથી પ્રભાવિત થઈ અતિ ભારે પ્રશંસા કરી હતી. સંતોને પણ અભિનંદન પાઠવેલ હતા. આ મહોત્સવમાં જોડાયેલા સૌ જુદી જુદી સમિતિના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

## સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ



ઐતિહાસિક અવસર સમાન આ સમૈયાની સફળતાથી અભિપ્રેરિત થઈને પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ પ્રસન્નતાપૂર્વક આનંદની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આવા સમૈયા સુપેરે પાર પડતા ર હે છે. શ્રીજી મહારાજની કૃપા સદાય સંનિષ્ઠ અને શ્રધ્ધેય હરિભક્તો પર વરસતી રહે છે અને હરિભક્તો પણ સંપૂર્ણ સમર્પિત થઈ તન, મન, ધન અને લગનથી યોગદાન આપતા રહે છે. આવા ભવ્ય અને મોટા સમૈયા નિર્વિઘ્ને પાર પાડવા એ નાની વાત નથી, પરંતુ ભગવાનની કૃપાથી સંતો અને હરિસેવકોની મહેનતથી કઠિન કાર્ય સરળ બનાવવાનું સામર્થ્ય ભુજ મંદિરને પ્રાપ્ત થયું છે, તે આપ સૌના સાથ સહકાર, જહેમત અને મહેનતના કારણે છે. વચનામૃતની આવી વિશદ છણાવટ સાથેની સમજ આપતી કથા શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ પણ ઈશ્વરકૃપા જ છે. સંતોએ આ કાર્ય ખૂબ સુંદર રીતે સંભાળ્યું છે અને હરિભક્તોને વચનામૃત વિષે ભરપૂર વાતો કહી છે. દરેક ક્ષેત્રમાં સંતો અને હરિભક્તોની મહેનત દેખાય છે. નાનામાં નાના કાર્યકરની મહેનતથી પ્રસંગ દીપી ઉઠ્યો છે. આજે કરી છે તેવી - તેથી વિશેષ મહેનત અને સાથસહકાર ભવિષ્યમાં પણ સાંપડતા રહેશે એવો અમને વિશ્વાસ છે. ઠાકોરજી સૌને સુખિયા કરે એવા રૂડા આશીર્વાદ પાઠવતાં સૌને બિરદાવ્યા હતા.




## મહોત્સવની સફળતા પાછળ તમામની મહેનત : પાર્ષદ શ્રી જાદવજી ભગત

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના અંતિમ ચરણોમાં સર્વે હરિભક્તોને આશિષ આપતાં સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આનંદ વ્યક્ત કરતાં જણાવેલ કે આ મહોત્સવની સફળતા તમામ હરિભક્તોની અથાગ મહેનતને આભારી છે. દેશવિદેશથી પધારેલા તમામ હરિભક્તોને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવેલ. શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા દૃષ્ટિ સર્વે હરિભક્તો પર રહેલ છે. અત્યારે ઠાકોરજીના આશીર્વાદ અને અમી દૃષ્ટિથી આપણા હરિભક્તો દેશ-વિદેશમાં સુખિયા થયા છે, તેનું કારણ ભક્તિનું ભાથું સૌની સાથે છે.

આ મહોત્સવમાં તમામ કાર્યકરો તથા હરિભક્તોની સેવા દાદ માંગી લે તેવી રહી હતી. તમામ સ્વયંસેવકો ભક્તોને સભામંડપ, મંદિર પરિસર, ભોજનાલય, હરિયાગ, ઉતારા વ્યવસ્થા તથા અન્ય માહિતી ઝીણવટભરી રીતે આપતા હતા. સંપ્રદાયની વિચારધારા લોકોમાં જળવાઈ રહે. પારાયણના સ્થળ પર સૌને પ્રસાદ મળી રહે તે માટે સવિશેષ ધ્યાન રાખતા હતા. તમામ કાર્યકરોની વ્યવસ્થા બેનમૂન રહી હતી. ભવિષ્યમાં કોઈ પણ આયોજન હોય તો હરિભક્તો સહકાર આપતા રહે અને ઠાકોરજીનો રાજીપો મેળવતા રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.




## પૂ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના આશીર્વચન

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન આશીર્વચન પાઠવતાં પૂ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ પ્રસન્નતાનો ભાવ વ્યક્ત કરતાં જણાવેલ કે ભગવાન સ્વામિનારાયણની અસીમ કૃપા થકી આપણા ભવ્યાતિભવય ઉત્સવોના આયોજનો નિર્વિઘ્ને સફળતાપૂર્વક પાર પડે છે. ભુજ મંદિરના સંતો, હરિભક્તો નાનામાં નાના કાર્યકરોએ આપેલા યોગદાનથી ઉત્સવ દીપી ઉઠ્યો છે.

ભવિષ્યમાં આવનારા તમામ પ્રસંગોમાં તન-મન-ધનથી સેવા કરતા રહેશે. ઠાકોરજીનો રાજીપો સૌ હરિભક્તો પર રહેશે. અમે નરનારાયણ દેવને પ્રાર્થના કરીએ છીએ કે તમારી ભક્તિ દૃઢ થાય અને ભગવાનની કૃપા તમારા સૌ પર વરસતી રહો.

## મહોત્સવમા પધારીને રૂડા આશીર્વાદ આપ્યા













વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના પાંચમા દિવસે માગસર સુદ-૮ તા. ૪ બુધવારે પ્રથમ સત્રમાં વ્યાસપીઠ ઉપરથી શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વચનામૃતના સંદર્ભે કઠિન વિષય ધ્યાનયોગ વિષે ચર્ચા કરી હતી. વિશ્વના તમામ ધર્મોમાં ધ્યાનને એક યા બીજી રીતે મહત્ત્વ અપાયું જ છે. વક્તાશ્રીએ જણાવ્યું કે "ભાવનાત્મક વિચારો સાથે ધ્યાન કરવાથી ક્રોધ શાંત થાય છે, ચિત્તને શાંતિ પ્રાપ્ત થાય છે. તદુપરાંત એકાગ્રતા સાધ્ય થઈ શકે છે. હૃદય પ્રફુલ્લિત થાય છે, ચિત્ત હંમેશા પ્રસન્ન રહે છે. જેની સારી અસર આપણા દૈનિક કાર્યો-વ્યવહારોમાં જોવા મળે છે. સકારાત્મક વિચારો તેમજ હૃદયની શુદ્ધિથી ધ્યાન પ્રબળ બને છે." વક્તાશ્રીએ ભગવાન સ્વામિનારાયણના કથન મુજબના ધ્યાનના ત્રણ પ્રકારોની વિશદ છણાવટ કરી હતી.

મહોત્સવમાં પધારેલા ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદ લાલજી મહારાજે પોતાના વક્તવ્યમાં ભાવવાહી શૈલીમાં પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે "વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો આનંદ તો સહજ હોય જ પરંતુ કચ્છના હરિભક્તોનો પ્રેમ અને ભુજ મંદિરના સૌ સંતોના અસીમ પ્રેમ -લાગણીને વશ થઈ વારંવાર ભુજ આવવા અંતરપ્રેરણા થાય છે. આપણે સૌ નરનારાયણ દેવના દાસ છીએ. તેમની ઈચ્છાથી જ સત્સંગમાં વૃદ્ધિ થાય છે. દેવના રાજીપા વિના આટલા મોટા ઉત્સવો થઈ શકતા નથી. ભુજ સ્વામિનારાયણ મંદિરના અથાક પ્રયત્નોથી કચ્છમાં સત્સંગની સાથે સાથે શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. ગુરુકુળોમાં ગ્રામ્ય વિસ્તારના બાળકો ધર્મના સંસ્કારો સાથે શિક્ષણ મેળવી શકે છે. ભુજમાં તો આઝાદી પહેલાં ઈ.સ. ૧૯૪૪માં છાત્રાલય ઊભું કરાયું હતું. કન્યા શિક્ષણને પણ ભુજધામ ખૂબ જ મહત્ત્વ આપે છે." આજે સાચા હીરા, મોતી, માણેકથી વચનામૃત ઉપર અભિષેક કરવામાં આવ્યો હતો.

પ્રથમ સત્રમાં શિક્ષણના અધિકારીઓ આદરણીય શ્રી સુરેન્દ્ર દબાસ, શ્રી સંજય શર્મા, કચ્છ યુનિવર્સિટી સંસ્કૃત ભવનના હેડ શ્રી ડૉ. કશ્યપ ત્રિવેદી, પૂર્વ ધારાસભ્ય શ્રી શિવજીભાઈ આહીર, શ્રી હરિભાઈભગત મોરબી અને શ્રી હરિભાઈ હાલાઈએ પારાયણ શ્રવણનો અનેરો લહાવો લીધો હતો. સંતો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

બીજા સત્રમાં વ્યાસાસનેથી શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજીએ પોતાની અમૃતવાણી પીરસતાં જણાવ્યું કે, "વચનામૃત એ દસ્તાવેજ છે સૃષ્ટિના સર્જકનો. મનુષ્યના જીવનનું ધ્યેય જન્મની સાથે જ નક્કી થઈ જતું હોય છે અને એ ધ્યેય હોય છે મારી પાંચ ઈન્દ્રિયોને ભગવાનના સ્વરૂપમાં - ભગવાનના ધ્યાનમાં રાખવી. મનને વિષયોમાંથી દૂર કરવા માટે શાસ્ત્ર છે. જ્ઞાન જ્યારે ક્રિયાત્મક ન હોય ત્યારે વિવાદમાં ખર્ચ થાય છે."

વચનામૃતમાં આવતા કીર્તનોને સંગીત અને સ્વર સાથે એક પેન ડ્રાઈવરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યા. જેનું વિમોચન પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના કરકમળો દ્વારા થયું. આ સુંદરતમ ભજનોનું સંકલન પૂજ્ય સ્વામી ગોલોકવિહારીદાસજીએ કર્યું છે. આજના ઉત્સવમાં અબડાસાના માનનીય ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, રાપરના પૂર્વ ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા અને શ્રી અરવિંદભાઈ પિંડોરિયા પધારી શોભામાં અભિવૃધ્ધિ કરી જેમનું સન્માન વડીલ સંતોએ કર્યું હતું.

## રાજકીય વ્યક્તિઓની ઉપસ્થિતિ

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં સંતો, મહંતો, રાજકીય નેતાઓ સામાજિક અગ્રેસરોની ઉપસ્થિતિ સૌ માટે પ્રેરક, પોષક અને પૂરક રહી.

કચ્છના માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ભુજ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકી, માનનીયા ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય, ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, પૂર્વ ધારાસભ્ય શ્રી શિવજીભાઈ આહીર, કચ્છી લેઉવા પટેલ સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ રામજીભાઈ પિંડોરીયા, કચ્છ લેઉવા પટેલ એજ્યુકેશન અને મેડીકલના પ્રમુખ શ્રી ગોપાલભાઈ ગોરસીયા, સહિત નામી-અનામી આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી.

માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવેલ કે સ્વામિનારાયણ મંદિર ભુજ સરકારના પ્રોજેક્ટમાં સહકાર આપી સહાયરૂપ બને છે. સમાજ સાથે રહીને લોકોપયોગી કાર્યો કરે છે. આ મહોત્સવની અજોડ અને અદ્વિતીય વ્યવસ્થા જોઈને આનંદની લાગણી અનુભવું છું.

માનનીયા નીમા બહેને પ્રતિભાવ આપતાં જણાવેલ કે દેશવિદેશથી પધારતા સૌ મહેમાનો માટે તમામ પ્રકારની સુવિધા નિહાળીને પ્રભાવિત છું. સુંદર આયોજન છે.

અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહે જણાવેલ કે અહીં ભારતની સંસ્કૃતિનાં દર્શન થાય છે. સંતોની લાગણી અને ભાવના અહીં ખેંચી લાવે છે. હરિભક્તો માનવસેવાની પ્રવૃત્તિઓ હંમેશાં કરતા રહે તેવી શુભેચ્છા.

ભુજ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ જણાવેલ કે આ તળાવમાં સ્વચ્છતા જોઈ આનંદિત થઈ છું. સુંદર આયોજન માટે સૌ હરિભક્તોને અભિનંદન. વચનામૃતનું વાંચન સૌ કરે. નિયમોને અનુસરીને જીવન ઉર્ધ્વગામી બનાવે તેવી ભાવના વ્યક્ત કરું છું.

પૂર્વ રાજ્યમંત્રી માનનીય શ્રી તારાચંદભાઈ છેડાએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવેલ છે કે ભુજ મંદિર જીવદયા કાર્યમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. તમામ ઉત્સવો ધામધૂમથી કરે છે. ૨૦૦૧ના ભૂકંપ સમયની મંદિરની સેવા અનોખી રહી હતી. સર્વજીવ હિતાવહ કાર્ય હંમેશાં કરતા રહો તેવી હૃદયપૂર્વકની ભાવના વ્યક્ત કરું છું.

કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ, કબીર મંદિર મહંત કિશોરદાસજી આદિ પધારેલા રાજકીય ધાર્મિક મહેમાનોનું પુષ્પમાળા તથા શાલ દ્વારા સન્માન કરાયું હતું.
























# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે વિશેષ ભક્તિભાવ

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવાનો સંકલ્પ થતાં જ ભુજ મંદિરના બ્રહ્મનિષ્ઠ અને કર્મનિષ્ઠ સંતો પ.પૂ. મહંત સ્વામીના આશીર્વાદ મેળવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત થઈ ગયા.

માત્ર ભુજ શહેરમાં જ નહીં પરંતુ જે જે ગામમાં ભક્તો વસે છે તે ચોવીસી ઉપરાંતના તમામ ગામોમાં પણ વચનામૃત ઉત્સવ પ્રેરાતો ગયો અને હરિભક્તો ઉમંગભેર જોડાતા ગયા.

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળ દ્વારા ગામે ગામ ઉત્સવ ઉપક્રમે વચનામૃત પૂજન, વચનામૃત પઠન, વચનામૃત ચિંતન, વચનામૃત સભાઓ, વચનામૃત શિબિરો, ૩-૩ દિવસની ચિંતન વચનામૃત રાત્રી સભાઓ યોજાતા ગયા. સંતો દ્વારા વચનામૃત મહોત્સવનો મહિમા ગવાવા લાગ્યો. હરિભક્તોએ ઉત્સવ પહેલાં ઓછામાં ઓછું બે-બે વાર વચનામૃત પઠન કરવાના સંકલ્પો લીધા અને પાર પણ પાડ્યા. ઉત્સવના પ્રારંભ પહેલાં જ સમગ્ર કચ્છમાં વચનામૃતમય માહોલમાં ભક્તિની સુવાસ પ્રસરી ગઈ હતી અને ઉત્સાહસભર ભક્તિભાવની પ્રતીતિ ઉત્સવમાં થવા લાગી.











# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે વિશેષ ભક્તિભાવ
















શ્રી વચનામૃત રથયાત્રા







# ઉત્સવ ઉપક્રમે વૃક્ષારોપણ

આ મહોત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિર દ્વારા વૃક્ષારોપણનો અનેરો કાર્યક્રમ યોજવામાં આવેલ. શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી બસો વર્ષ પહેલાં વૃક્ષ-વનસ્પતિનું પૂજન-અર્ચન તથા વનસ્પતિ સૃષ્ટિ પર પ્રેમ કરવાનું શિક્ષણ આપેલ છે. ભગવાન પ્રકૃતિ પ્રેમના હિમાયતી હતા. ભગવાને આજથી બસો વર્ષ પહેલાં સત્સંગ સેવા ધર્મપરાયણતા, સંસ્કાર આદિ અનેક સદ્‌ગુણોનું સિંચન સદુપદેશ દ્વારા ભક્તોમાં કરેલ. તેમના સમયમાં ત્યાગી સાધુઓ પાસે પણ અનેક લોકોપયોગી કાર્યો કરાવેલ છે. તેના કાર્યક્રમો પૈકી પ્રકૃતિ-પર્યાવરણ બચાવો આ સંદેશ પણ આપેલ છે. આ સંદેશને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે અત્યારે પણ જીવંત રાખેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી બસો વર્ષ પહેલાં "વચનામૃત" શાસ્ત્ર લોકોને આપ્યું. આ વચનામૃત શાસ્ત્રના અમૂલ્ય ઉપદેશો મોટે ભાગે પ્રકૃતિના ખોળે વૃક્ષો નીચે બેસીને આપેલા છે. જેમકે ગઢપુરમાં લીંબતરુ (લીમડો), વડતાલમાં લીંબતરુ તથા આંબાના વૃક્ષો નીચે, જેતલપુરમાં બોરસડી, ભુજમાં ખાટી આંબલીના વૃક્ષ તળે, લોયામાં લીંબતરુ આવા અનેક વૃક્ષોની શીતળ છાયામાં બેસીને જ્ઞાનોપદેશ આપેલ છે. ભગવાનના વનસ્પતિ-સૃષ્ટિ પરના આવા પ્રેમને લક્ષમાં લઈને ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતગણ, સર્વે ટ્રસ્ટીઓ, હરિભક્તો આદિ "વૃક્ષ વાવો પ્રકૃતિ બચાવો અને વરસાદ લાવો" આ સૂત્રને આત્મસાત્ કરી કચ્છમાં અનેક જગ્યાએ વૃક્ષોનું વાવેતર કરેલું છે. કચ્છમાં જે ગામમાં ગામના લોકોને વૃક્ષારોપણ કરવાની ઈચ્છા થઈ તેમને ભુજ મંદિર દ્વારા વૃક્ષના રોપા, પીંજરા, ડ્રીપ લોખંડની બાઉન્ડરી જેવી સુવિધાઓ આપવામાં આવેલ. વૃક્ષોનો ઉછેર કરી મોટા વૃક્ષો થાય તે શરતે સુવિધાઓ આપવામાં આવી.

સુખપરની બાજુમાં ત્રણ એકર જમીન પર વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. તદુપરાંત નારણપર-માંડવી રસ્તા પર સાડા ચાર એકર જમીન પર ત્રણથી સાડા ત્રણ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. અંજાર શહેરમાં પણ સાંગ નદીમાં સાડા સાતસો હરિવન વૃક્ષોનું વાવેતર કરાવવામાં આવેલ છે. તમામ ચોવીસી ગામોમાં તદુપરાંત અબડાસા વાગડ વિસ્તારમાં જ્યાં સત્સંગીઓ વસે છે ત્યાં તમામ ગામોમાં વૃક્ષોનું વાવેતર કરી પરોપકારી કાર્ય કરવામાં આવેલ છે.














કચ્છભૂમિ સૂકા રણ પ્રદેશ તરીકે ઓળખાય છે, જ્યાં વનસ્પતિ અને વૃક્ષોનું પ્રમાણ ખૂબ ઓછું છે. જેથી ઓછો વરસાદ થાય છે, પાણીની તંગી રહે છે. આવા પ્રદેશમાં હજારો વૃક્ષોનું વાવેતર કરી ઉછેરનું ભગીરથ કાર્ય આ મહોત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

પાણીની બચત થાય અને વૃક્ષોને બરોબર પોષણ મળે તે માટે 'ટપક પદ્ધતિ' (ડ્રીપ સિસ્ટમ) થી વૃક્ષોને પાણી પાઈને ઉછેર કરવામાં આવે છે. હજારો વૃક્ષોની વનરાજી વરસાદને ખેંચી લાવવામાં પણ ઉપયોગી થશે અને શ્રીજી મહારાજની કૃપાથી કચ્છમાં સારો વરસાદ પડશે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવહિતાવહનો ઉપદેશ આપેલ છે, તે ન્યાયે ચરાચર સૃષ્ટિ પર પ્રેમ કરવાનો સંદેશો પણ આપી જાય છે. સર્વત્ર કૃતજ્ઞતા પ્રગટ કરનારી આ મહાન સંસ્કૃતિને આપણા અંતઃકરણમાં ખીલવીએ અને ભગવાનના વૃક્ષ-વનસ્પતિ પ્રેમને જીવનમાં ઉતારીએ અને નંદનવનનું નિર્માણકાર્ય કરીએ.

# વચનામૃત શિબિર


















## શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ મુખ્ય સમિતિ

- મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
- સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી
- કોઠારી પાર્ષદ જાદવજી ભગત
- સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી
- સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી
- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી
- શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી
- શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી
- શા. સ્વામી દેવચરણદાસજી
- શા. કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી
- કોઠારી પાર્ષદ ખીમજી ભગત
- કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા
- ઉપકોઠારી મુરજીભાઈ કરસન શીયાણી
- ટ્રસ્ટીશ્રી શશીકાંતભાઈ ગૌરીશંકર ઠક્કર
- ટ્રસ્ટીશ્રી સામજીભાઈ ધનજી હીરાણી
- ટ્રસ્ટીશ્રી કુંવરજીભાઈ કરસન પોકાર
- ટ્રસ્ટીશ્રી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા
- ટ્રસ્ટીશ્રી રામજીભાઈ ગોપાલ દબાસીયા

## શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સેવા સમિતિ

### મંદિરો/સંતો/મહાનુભાવો/નિમંત્રણ અને વ્યવસ્થા

- સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી
- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- પૂ. સ્વામી ધર્મચરણદાસજી
- શા. કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી
- શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી

### પહેરામણી

- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- શા. કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી
- શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- શા. સ્વામી નારાયણમુનિદાસજી
- પુ. સ્વામી ધર્મચરણદાસજી
- પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી

### ભોજનાલય

- પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી
- શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી
- શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજી

### નિમંત્રણ પત્રિકા

- સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી
- પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી
- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- શા. કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

### પાકશાળા / અન્નકૂટ

- સ્વામી ધર્મસ્વરૂપદાસજી
- સ્વામી હરિકેશવદાસજી
- સ્વામી પુરૂષોત્તમચરણદાસજી
- સ્વામી વિજ્ઞાનદાસજી
- સ્વામી નારાયણદાસજી
- સ્વામી દેવપ્રસાદદાસજી
- સ્વામી રામપ્રિયદાસજી
- સ્વામી વેદાંતસ્વરૂપદાસજી
- સ્વામી શ્રીવેદસ્વરૂપદાસજી

### સભામંડપ / વિજયધ્વજ

- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- સ્વામી ધર્મસ્વરૂપદાસજી
- પુ. સ્વામી ધર્મચરણદાસજી
- શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી
- પુ. સ્વામી ભક્તિપ્રકાશદાસજી
- સ્વામી પુર્ણસ્વરૂપદાસજી
- શા. સ્વામી હરિકૃષ્ણદાસજી
- સ્વામી વિજ્ઞાનદાસજી

### સંતોના ઉતારા

- પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી
- સ્વામી ધર્મજીવનદાસજી
- સ્વામી રઘુવીરચરણદાસજી
- શા. સ્વામી ઉત્તમચરણદાસજી

### વોટર સપ્લાય / સફાઈ

- સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી
- સ્વામી પુર્ણસ્વરૂપદાસજી
- પુ. સ્વામી ભક્તિચરણદાસજી
- પુ. સ્વામી સદ્ગુણસ્વરૂપદાસજી

### પોથીયાત્રા / નગરયાત્રા

- કોઠારી પાર્ષદ ખીમજી ભગત
- સ્વામી ધર્મસ્વરૂપદાસજી
- સ્વામી પુર્ણસ્વરૂપદાસજી
- પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી
- પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી
- સ્વામી હરિકેશવદાસજી
- સ્વામી કપિલમુનિદાસજી
- પુ. સ્વામી રામાનુજદાસજી
- શા. સ્વામી હરિકૃષ્ણદાસજી

### ઉતારા વિભાગ

- સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી
- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી
- સ્વામી શાંતિસ્વરૂપદાસજી
- સ્વામી રઘુવીરચરણદાસજી
- સ્વામી માધવપ્રિયદાસજી

### શ્રી હરિયાગ / બટુક યજ્ઞોપવિત

- સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી
- સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી
- પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી
- પુ. સ્વામી પરમહંસદાસજી
- શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી
- પુ. સ્વામી રામાનુજદાસજી
- શા. સ્વામી શૌનકમુનિદાસજી

### સાંસ્કૃતિક કાર્યક્રમ / કથા દરમિયાન પ્રોગ્રામ

- શા. સ્વામી ગોલોકવિહારીદાસજી
- પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી
- શા. સ્વામી ભક્તવત્સલદાસજી
- પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી
- પુ. સ્વામી ભક્તિપ્રકાશદાસજી
- પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજી
- પુ. સ્વામી સુખનંદનદાસજી

### રક્તદાન શિબિર

- પુ. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી
- પુ. સ્વામી મુનિશ્વરદાસજી
- પુ. સ્વામી સુખનંદનદાસજી
- પુ. સ્વામી ઘનશ્યામનંદનદાસજી
- પુ. સ્વામી પ્રેમવલ્લભદાસજી

### વાહન પાર્કિંગ / સ્વયંસેવક સિક્યુરીટી

- પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી
- સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી
- સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી
- પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી
- સ્વામી ઘનશ્યામસેવકદાસજી
- સ્વામી ઘનશ્યામચરણદાસજી

### મિડીયા વિભાગ

- શા. સ્વામી નારાયણમુનિદાસજી
- શા. કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી
- શા. સ્વામી દેવચરણદાસજી

### સંત રસોડા વિભાગ

- સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી
- સ્વામી અક્ષરસ્વરૂપદાસજી
- સ્વામી કૃષ્ણચરણદાસજી
- શા. સ્વામી ઉત્તમચરણદાસજી
- સ્વામી શ્રીવેદસ્વરૂપ

### ફુલહાર સમિતિ

- સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી
- સ્વામી ધર્મપ્રકાશદાસજી

### લાઇટ ડેકોરેશન

- સ્વામી જગજીવનદાસજી
- સ્વામી શ્રીવલ્લભદાસજી
- સ્વામી ઘનશ્યામકેશવદાસજી
- સ્વામી હરિસેવકદાસજી

### લાઇવ પ્રસારણ

- કોઠારી પાર્ષદ ખીમજી ભગત
- સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી
- કોઠારી પાર્ષદ દિનેશ ભગત





# ભેડિયાબેટ ખાતે હનુમાનજીનું મંદિર રાષ્ટ્રને અર્પણ

સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી પ.પૂ.ધ.ધુ., ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદ, પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી, ભુજ મંદિરના પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પૂ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતના આશીર્વાદ અને તેમની ઉપસ્થિતિમાં ભેડિયાબેટ ખાતે ભુજ મંદિર દ્વારા નવનિર્મિત હનુમાનજીનું મંદિર રાષ્ટ્રને અર્પણ કરવામાં આવેલ.

ભુજ મંદિર દ્વારા અઢી કરોડના ખર્ચે નવનિર્માણ કરાયેલા હનુમાનજી દાદાના મંદિરને રાષ્ટ્રને અર્પણ કરવાના કાર્યક્રમમાં ભુજ મંદિરના વડીલ સંતો, ટ્રસ્ટીઓ, હરિભક્તો અને સરહદના રખોપો કરતા બી.એસ.એફ.ના વરિષ્ઠ અધિકારીઓ, સૈનિકો સૌ જોડાયા હતા.

આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને મંદિરના નવનિર્માણ અને આજના અવસર અંગે માહિતગાર કરી સમગ્ર કાર્યક્રમનો ચિતાર આપવામાં આવેલ. માનનીય વડાપ્રધાન તથા ભારત દેશના ગૃહમંત્રી માનનીય શ્રી અમિત શાહ તેમજ ગુજરાતના મા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીએ મંદિરના નિર્માણના કાર્યને પત્ર દ્વારા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ પણ શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો.

કચ્છની રણસીમાએ વિઘાકોટ નજીક બેડિયાબેટ ખાતે છ એક માસ અગાઉ મંદિરના નિર્માણની કામગીરીનું ખાત મુહૂર્ત ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરાયું હતું. સૂની સરહદના રખોપા કરતા સૈનિકો માટે આ મંદિર વર્ષોથી આસ્થાનું કેન્દ્રસ્થાન છે.

આ મંદિરના નવનિર્માણ માટે ખાસ રાજસ્થાનના બંસી પહાડપુરના ગુલાબી પથ્થરોનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં ૨૬૦૦ ઘનફૂટ પથ્થર વપરાયો છે. મંદિરમાં સત્સંગ હોલ, વિઝિટર રૂમ, આર.ઓ. પ્લાન્ટ સાથે પરબ, અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી, ગાયો માટે અવાડો અને પારેવાં માટે ચબુતરો, બાથરૂમ, સૈનિકો માટે બેરેક ઊંચા વોચ ટાવર જેવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાયેલી છે.








આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. શ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજે આશીર્વચન સાથે અભિનંદન - દેશના રખોપું કરતા સૈનિકોને પાઠવેલ હતા. પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ ભગવાન સ્વામિનારાયણ સર્વે સૈનિકોને દીર્ઘ આયુષ્ય આપે તેવા આશીર્વાદ પાઠવેલ હતા.

આ કાર્યની સફળતામાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપરદાસજી, સ્વામી નરનારાયણ સ્વરૂપદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી આદિ સંતો જોડાયા હતા. તદુપરાંત ભુજ યુવક મંડળના યુવકો-યુવતીઓએ પૂર્ણ સહકાર આપી સહયોગી થયા હતા.

આ મંદિરના નિર્માણના દાતા પરિવારો શ્રી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા પરિવાર શ્રી રામજીભાઈ દેવજી વેકરીયા પરિવાર, શ્રી ગોપાલભાઈ લાલજી વેકરીયા પરિવાર, શ્રી વાલજીભાઈ કરસન હિરાણી પરિવાર આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા હતા અને ધન્યતા અનુભવી હતી.

















































# અંજારમાં વચનામૃત જયંતી

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ.પુ. સ્વામી હરિબળદાસજી આદિ સંત મંડળના શુભ સંકલ્પથી સંવત્ ૨૦૭૬ માગસર સુદ-૪, તા. ૩૦-૧૧-૨૦૧૯ના રોજ ઉત્સવ ઉજવાયેલ.

૨૦૦મી જયંતી હોવાથી વચનામૃતની ૨૭૩ પોથી સાથે ભવ્ય શોભાયાત્રા સાંજે ૪:૦૦ કલાકે માધવરાય મંદિરથી નીકળી વાજતે ગાજતે મંદિરે પધારેલ ત્યારબાદ આ પરાવાણી વચનામૃતનું ૧૦૦૦ સર્વમંગલનામાવલીના મંત્રથી પૂજન કરવામાં આવેલ, સમૂહ પાઠ બાદ મહાઆરતી યોજાયેલ. સૌ કોઈ જનોને આ ઉત્સવની જીવનભર સંભારણું બની રહે તે માટે પમું વેદ એવું આપણું સૌને સમજવામાં સરળ વચનામૃતની ભેટ આપવામાં આવેલ. સૌ સંતો, સાં.યો. બહેનો, વડીલો, યુવાનો, બહેનો સહભાગી થયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંતો તથા સાં.યો. બહેનો કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.





# માંડવીમાં વચનામૃત જયંતી






માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ એવમ્ શ્રી ઘનશ્યામ મહારાજના પવિત્ર સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણની પરાવાણી સ્વરૂપ શ્રી વચનામૃત (૨૦૦મી) જન્મ જયંતી નિમિત્તે સામૂહિક વચનામૃત વાંચન, વચનામૃતના લહિયા એવા પાંચ પરમહંસોનું પૂજન એવં વચનામૃત મહિમાના સંત આશીર્વચન જેવા એક દિવસીય રાત્રિય કાર્યક્રમનું સુંદર આયોજન તા. ૩૦-૧૧-૨૦૧૯ માગશર સુદ-૪ના દિવસે કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં પૂ. સ્વામી પરમહંસદાસજીએ વચનામૃતનું રસપાન કરાવતાં સાંપ્રત સમયમાં વચનામૃતની આવશ્યકતા અંગે યુવાનોને સચેત કર્યા હતા. વાસ્તવિક જીવનમાં વચનામૃતની સાર્થકતા, સમાધાન શાસ્ત્ર, જીવન જીવવાના પથદર્શક શાસ્ત્ર વગેરે છણાવટ કરી યુવાનોના મનમાં મૂંઝવતા પ્રશ્નો દૂર કર્યા હતા. ત્યારબાદ મહારાજના પ્રત્યેક અક્ષરને યથાસ્થિત ઝીલીને કલમથી કંડારી વચનામૃતને અક્ષરદેહ આપતા પાંચ પરમહંસોનું પૂજન પુષ્પવૃષ્ટિથી સંતોના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સામૂહિક વચનામૃતનું મૌન વાંચન સંતો-ભક્તોએ કર્યું હતું.

આ પ્રસંગે શા. સ્વામી નારાયણમુનિદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીએ આશીર્વચન પાઠવી વચનામૃત મહિમા વર્ણવ્યો હતો. ત્યારબાદ વચનામૃત પૂજન અને મહાઆરતી કરવામાં આવી હતી. અંતે પ્રભુ પ્રસાદ આરોગી વચનામૃતની વાતો હૈયે ધારી હરિભક્તો છૂટા પડ્યા હતા.

# અખબારની આંખે

કચ્છમિત્ર ભુજ - સોમવાર, તા. ૦૯-૧૨-૨૦૧૯ કચ્છ

રક્તદાન શિબિરમાં ૮૪૨ લોકોએ રક્તદાન કર્યું

## ...ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય'

ભુજમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં શ્રીમદ્ ભાગવતના બે ભાગ, ભગવદ્ ગીતાની ગુજરાતી આવૃત્તિનાં સંતોએ વિમોચન કર્યાં

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્ — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

...onday ...12.2019 ...olume :4 Issue No. 100

## ...પાનનાં વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીએ પ્રધાનમંત્રી સાથે બેઠક યોજી

## ...જમાં વચનામૃત દ્વિશતાબ્દી સપ્તાહ નિમિત્તે રક્તદાન શિબિર યોજાયું.

કચ્છમિત્ર ભુજ - મંગળવાર, તા. ૦૩-૧૨-૨૦૧૯

જી.કે. દ્વારા ભુજમાં વિક્રમરૂપ ૮૪૨ યુનિટ રક્ત એકત્રિત કરાયું

## ભુજમાં વચનામૃત દ્વિશતાબ્દી ઉત્સવ અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

divyabhaskar.com

## વિદ્વતા ટકાવવી સહેલી છે, સાધુતા ટકાવવી અઘ...

લંડન મંદિરની અંગ્રેજી વચનામૃત આવૃત્તિનું વિમોચન : વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ રંગેચંગે સંપન્ન

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ત્રીજા દિવસે શ્રીહરિયાગની પૂર્ણાહુતિ કરાઈ

## નારાયણ સરોવર ખાતે સ્વામિનારાયણ મંદિર દ્વારા આધુનિક ધર્મશાળા બનાવશે

## સ્વામિનારાયણ ઔષધાલયને નવા રૂપરંગ સાથે પુનઃ ...યું ખુલ્લ...

ભગવાન માટે ભોગની રસોઈ બનાવવામાં આવે તો એ પણ સેવા...

વાંચો તો વચનામૃત સરળ, પણ મનન કરો તો ગહન

## ...વચનામૃત વેદનું સ્વરૂપ છે

ધર્મ•સમાજ•સંસ્થા

## ...ના. સરોવરમાં વિવિધ સુવિધા સાથે સંકુલ નિર્માણ

પુસ્તક અને કથાની પેનડ્રાઈવનું સંતોના હસ્તે વિમોચન કરાયું

10 હજાર હરિભક્તો અને સંતોના...

પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ માટે વિધાનસભા દ્વાર બંધ !

## ભેડિયાબેટ હનુમાનજીનું નવનિર્મિત મંદિર રાષ્ટ્રને અર્પણ

## વડાપ્રધાને શુભેચ્છા સં... મોકલીને સેવાકાર્ય બિર...

ભુજમાં યોજાયેલા સમૂહ સુંદરકાંડ પઠનમાં મોટી સંખ્યામાં ભાવિકજનો ઉમટ્યા

## દિવ્યાંગોની છત્રછાયા માટે

આજે વિશ્વ વિકલાંગ દિવસે માધાપરના નવ ચેતન અંધજન મંડળ સંકુલની એક લટાર

ભેડિયાબેટ હનુમાનજીનું નવનિર્મિત મંદિર રાષ્ટ્રને અર્પણ

વડાપ્રધાને શુભેચ્છા સંદેશ મોકલીને સેવાકાર્ય બિરદાવ્યું

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || || શ્રી નરનારાયણાય નમઃ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી **તા. ૨૫-૩-૨૦૨૦ થી તા. ૧-૪-૨૦૨૦** સુધી **સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ**નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવવું.

**પોથી યાત્રા**
સં. ૨૦૭૬, ફાગણ વદ ૩૦
મંગળવાર, તા. ૨૪-૩-૨૦૨૦
સાંજે ૩ : ૦૦ વાગ્યે

**કથા પારંભ પ્રથમ દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૧,
બુધવાર, તા. ૨૫-૩-૨૦૨૦

**બીજો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૨,
ગુરુવાર, તા. ૨૬-૩-૨૦૨૦

**રામ જન્મોત્સવ ત્રીજો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૩,
શુક્રવાર, તા. ૨૭-૩-૨૦૨૦

**કૃષ્ણ જન્મોત્સવ ચોથો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૪,
શનિવાર, તા. ૨૮-૩-૨૦૨૦

**રૂક્ષ્મણી વિવાહ પાંચમો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૫,
રવિવાર, તા. ૨૯-૩-૨૦૨૦

**છઠ્ઠો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૬,
સોમવાર, તા. ૩૦-૩-૨૦૨૦

**કથા વિરામ સાતમો દિવસ**
સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૭,
મંગળવાર, તા. ૩૧-૩-૨૦૨૦
સાંજે ૭ : ૦૦ વાગ્યે

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-**
પોથી યજમાનનું નામ પત્રિકામાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.


૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૨૦ પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય
તેમાં ૨૧ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ X ૧૨ સાઈઝ)
તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીસ,
કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ**

**શ્રી નરનારાયણદેવ સભા મંડપ, શ્રી સ્વામિનારાયણ માર્ગ, તીર્થધામ ભુજ-કચ્છ.**
**ફોન નં. : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧**














HARIKRISHNA Graphics & Print Pvt. Ltd. 982-5850-559 987-9961-789



RNI No. : GUJ/GUJ/2001/5643
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE

Postal Regd. No. GKCH-158/2018-2020
WPP Lic No. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020